4/26/2021

Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

સૌરાષ્ટ્ર સાહિત્ય શ્રેણી ક્રમાંક ૨.

# એશિયાનું કલંક.

યાને

# કોરીયાની કથા.

આ બધા જુલ્મો કોઇ પુરાણા જંગલી જમાનામાં નથી થયા પણ ૧૯૧૯ ના નવયુગમાં ! કોઈ છુપા, વિકરાળ જંગલમાં નહિ, પણ જગતના ચોકમાં, સ્વતંત્રતાની સહાયે દોડતા પેલા અમેરિકાની આંખો સામે. કોઇ મનુષ્યાહારી, અજ્ઞાન, પશુવત ટોળાંને હાથે નહિ પણ વિદ્યાવિશારદ, કળાકુશલ, અને સુધરેલી દુનિયાની અંદર ઉંચી ખુરશીએ બેસનાર બૌદ્ધધર્મી જાપાનને હાથે ! અમેરિકાનું સ્નેહી એ જાપાન ! ઇંગ્લાંડનું દિલોજાન દોસ્ત એ જાપાન !

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

1/1

Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

મુદ્રક અને પ્રકાશક
અમૃતલાલ દલપતભાઇ શેઠ.

સને ૧૯૨૩.
સંવત ૧૯૭૯.

મુદ્રણ સ્થાન,
સૌરાષ્ટ્ર મુદ્રણાલય.
૨૫ ગીબ રોડ.
રાણપુર–કાઠીયાવાડ.
બી. એસ. રેલ્વે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

છોટાલાલ એન. દોશી.
બુકસેલર અને ચશ્માવાળા,
ઠે. આનંદ બીલડીંગ, લાલબાગ,
પરેલ, મુંબઈ. નં. ૧૨

હિન્દમાં અને હિન્દની બહાર,

જેણે જેણે, જ્યાં જ્યાં,

૪૪૭

જાલીમોને

લોહી દીધાં છે, પણ આત્મા નથી દીધો,

એવાં શસ્ત્રહીન નરનારીઓને

સમર્પણ.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/26/2021

## પ્રકાશક તરફથી.

"વીસ વીસ હજારને જેલ મોકલ્યા; કરોડની પૂર્તિ કરી; બબ્બે વર્ષથી જાડાં ખડબચડાં ખાદીનાં કપડાંથી ચલાવીએ છીએ; એ બધું છતાં સ્વરાજ્ય ક્યાં છે? આમ ક્યાં સુધી તપાવવા – સતાવવા ધાર્યા છે?" સ્વાધીનતા – સ્વતંત્રતાની ધગશ વિનાના, માત્ર પ્રવાહને વશ થઇ થોડાક પૈસા ફેંકી દેનારા કે ખાદી ધારનારા, આવેશના સમયમાં થોડું ઘણું સહન કર્યાં પછી તુરત થાકી જનારા, આ બે વર્ષમાં હિંદુસ્થાને ઘણું કરી નાખ્યું છે–છતાં કાંઇ નથી મળ્યું એમ માની હતાશ થઇ જનારા, વર્ષો અને રૂપિયાના સરવાળા બાદબાકી કરી તે ઉપરથી 'સ્વરાજ્ય'ના દાખલા મેળવવા બેસનારા અમારા ગુજરાતી બંધુઓને ચરણે આજે અમે અમારી પુસ્તકમાળાનું આ દ્વિતીય પુસ્તક—કોરીયાની કથા ધરીએ છીએ. જેને આંખ હોય તે વાંચે, જેને બુદ્ધિ હોય તે સમજે, જેને દિલ હોય તે ઉતારે એના શિક્ષાપાઠ સ્વાધીનતા દેવીનું ખપ્પર કેટલું અગાધ છે, કેટકેટલા ભોગો એક દેશને પોતાની સ્વતંત્રતા સાચવવા, પોતાનું સ્વમાન



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
2/2

4/26/2021



ટકાવવા, પોતાની ગુલામી ફેડવા, આપવા પડે છે તેનુ એક સુંદર દ્રષ્ટાંત કોરીયા પુરૂં પાડશે. વિલાસનું ઝેર, અને દેખાતી એ સગવડોની માયા આજે જે હિંદી જનતાને વિવશ બનાવી રહેલ છે તે જનતા જૂઓ કે, માત્ર સ્વમાનની ખાતર કેટલા કોરીઅ-નોએ પોતાના બંગલા વાડી વજીફા અને વૈભવનાં સાધનો છોડી, મંચુરીઆની જીવલેણ ઠંડીની બરદાસ કરી, પોતાના ગુલાબની કળી સમાં પુત્ર પુત્રીઓને સોના રૂપાના હીંડોળામાંથી ઉંચકી માત્ર સ્નેહભરી છાતીના એક આશ્રય નીચે, કેટલી હોંશપૂર્વક, મંચૂરીઆ તરફ સાથે લીધાં! કોરીઆની કથા તે મદોન્મત્ત સત્તાધીશોના જૂલ્મની, અને સ્વાભિમાની પ્રજાના ઉન્નત ગૌરવની કથા છે. તે જાલીમોના અત્યાચારની અને નિર્દોષોની અહિંસાવૃત્તિની કથા છે. હિંદુસ્થાનના ઢીલા પોચા, ડગલે ડગલે ઢચુપચુ થતા, અમારા દેશબંધુઓને મન, આ કથા એ ગીતા બનો-પ્રતિ પ્રભાતનું સંભારણું બનો; તેમના જીવનનો, તેમના આત્મભોગોનો આદર્શ બનો.

સુધારાના ઝેરથી કોરીઅનો ન મોહાયા. હંગેરીઅનો પણ ન્હોતા મોહાયા. આયર્લંડે પણ એનો ત્યાગજ કરેલો. આયર્લંડે પોતાની સ્વતંત્ર સરકાર નિરાળી સ્થાપેલી. કોરીયાએ પણ સ્થાપી દીધી છે. હંગરીએ વીયેના તરફ પીઠજ ફેરવેલી. આપણા ભારતવર્ષે પોતાનો માર્ગ નક્કી કરવા અર્થે આ બધી વાતો વિચારવાની રહી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/26/2021

ભારતની સ્વાધીનતા અર્થે ચાલતા સાંપ્રત અહિંસાત્મક યુદ્ધમાં સહાયરૂપ થવા, દેશદેશોની સ્વતંત્રતાના ઇતિહાસો ભારતી પ્રજા સમક્ષ રજુ કરવાના અમારા મનોરથનું આ પ્રથમ પુષ્પ છે. આવતી નહીં અને ત્યાર પછેની અઢારમીએ આયર્લેંડની કથા ધરવા ઇચ્છા રાખીએ છીએ. અમને આશા છે કે અમારા આ પ્રયત્નને ગુજરાતી પ્રજા પસંદ કરશે.

કોરીયાને લગતું સાહિત્ય વાંચી જઇ તેમાંથી આ કથા તારવી કાઢવાનું માન સૌરાષ્ટ્રના તંત્રીમંડળમાંના એક મારા પ્રિય ભાઇશ્રી ઝવેરચંદ મેઘાણીને છે.

સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર
રાણપુર.
તા. ૧૮-૧-૧૯૨૩.

અમૃતલાલ દલપતભાઈ શેઠ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
2/2

Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# લેખકનું નિવેદન.

એશિયાનાં સંતાનો યુરોપની પાસે પોતાના ભૂતકાળનું ભારે ગુમાન કરતાં આવ્યાં છે. એશિયાએ જગત આખાને પેગમ્બરો દીધા, ફિલસુફી સમર્પી, વિશ્વપ્રેમી સંસ્કૃતિની ભેટ ધરી. એ બધો ગર્વ મિથ્યા તો નહોતો. પશુબળના પગ તળે ચગદાતાં પડયાં પડયાં પણ આપણે આત્માનાં અબોલ શૌર્ય અનુભવતાં.

એ ગર્વ ઉપર આજ જાપાને ઉંડો ઘા કર્યો છે. એશિયા આજે કલંકિત બન્યું છે. શું મ્હોં લઇને આપણે યુરોપવાસીઓને ઠપકો દઇએ ?

જાપાનની તારીફ કરવામાં આપણે જરાયે સંયમ નથી દાખવ્યો. કવિવર ટાગોર સરખા પણ પ્રથમ તો જાપાન પર મુગ્ધ બનેલા. ઠેર ઠેર, હરેક વાતમાં, જાપાનને આદર્શ ગણીને આપણે એની પાછળ પાગલ બનેલા.

આજ પડદો ચીરાયો છે. જાપાને પ્રભુની સૃષ્ટિ ઉપર નર્કની જ્વાળાઓ છોડી દીધી છે. એના સરખી સ્વદેશ-ભાવના આપણને હરામ હોવી જોઇએ. જાપાનની રાક્ષસી પ્રગતિ આપણે માટે લાલ બત્તી બનવી ઘટે.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

4/26/2021



આ પુસ્તકની હકીકતો પૂરી પાડનારાં ત્રણ પુસ્તકો છે. ( ૧ ) Non-co-operatiou in other lands, by A. Fenner Brockway ( ૨ ) Story of Korea by joseph H. Longford, ( ૩ ) Case of Korea by Henry chaug.

છેલ્લા પુસ્તકનો હું સહુથી વધુ આભારી છું. ગ્રંથકાર પોતે એક કોરીયાવાસી છે, છતાં એની વાતો ઉપર અવિશ્વાસ નજ આવી શકે; કારણ, પોતાની વાતોના સમર્થન અર્થે, આખું પુસ્તક, નિષ્પક્ષપાતી પરદેશીઓનાં, અને ખુદ જાપાની સરકારનાં લખાણોના ઉતારાથી જ એણે ભર્યું છે. એ બધા પુરાવા સજ્જડ છે. અતિશયોક્તિ અગર કડવાશના દોષ કર્યા વિના જ એ વિદ્વાન લેખક, મધુર ને સરલ ભાષામાં લખી ગયો છે. અંગ્રેજી જાણનારા પ્રત્યેકને આ અંગ્રેજી ગ્રંથ વાંચી જવાની મ્હારી ભલામણ છે. વાંચન વ્યર્થ નહિ જાય.

ચિત્રોને માટે પણ એજ ગ્રંથકારનો અત્રે ઉંડો આભાર માની લઉં છું. કોરીયાનાં કેટલાંએક વીર વીરાંગનાઓનાં દર્શન ગુજરાતને કરાવ્યા વિના તો પુસ્તકની સફળતા શી રીતે પૂરી થાય ?

તા. ૧૮-૧-૨૩ ઝવેરચંદ મેઘાણી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

# એશિયાનું કલંક.

## પ્રકરણ ૧ લું.

### અમર રહો માતા કોરીયા!

કોરીઆની રાજધાની શીઉલ શહેરની એક નિશાળમાં એક દિવસ મેલાવડો મળ્યો હતો. જાપાના બડેખાંઓએ બાળકોને રાજ-ભક્તિનાં ભાષણો દીધાં. શિક્ષકોએ પોતાના મહેમાનોને ગળે ફુલહાર પહેરાવ્યા. બધાં બાળકો સભા ખતમ થવાની આતુર હૃદયે રાહ જોતાં હતાં. એ શેની વાટ જોતાં હતાં? મીઠાઈની?

છેવટે એક તેર વરસનો કિશોર બાળક મોખરે આવ્યો, ને બહુજ વિનયભર્યું એક ભાષણ કર્યું. જાપાની અમલદારો ખુશ ખુશ થઇ જાય એવું રાજભક્તિથી તરબોળ એ ભાષણ



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

હતું. ભાષણનો અંત આવતો હતો. બોલનાર બાળકે શરીર ટટ્ટાર કર્યું, એની છાતી ધસીને બહાર આવી, ને એની આંખોમાં કોઇ ઉંડા નિશ્ચયની કાંતિ ઝળકી રહી.

એ નિશ્ચય શાનો હતો ? મોતને ભેટવાનો. બાળક એવા શબ્દો ઉચ્ચારવા જતો હતો કે જે શબ્દોએ હજારોનાં માથા લીધાં હતાં. બાળકને આ વાતની ખબર હતી. એણે એ શબ્દો ઉચ્ચાર્યા. " હવે થોડુંકજ બોલવા દેજો. તમારી પાસે અમે એકજ વસ્તુ માગી લઇએ. "

આટલું કહેતાં, એનો હાથ છાતી ઉપર પડયો. એ સાથે તો ત્યાં બેઠેલા સેંકડો બાળકોના હાથ પોતપોતાની છાતીમાં પેઠા. જાપાનીઓ ઝબકયા ! બાળકોએ પોતાના ડગલાની અંદર, છાતી ઉપર શું સંતાડયું હશે ? પિસ્તોલો, બોમ્બો કે ન્હાની ન્હાની કાતિલ છુરીઓ ?

બોલનાર બાળકનો હાથ બહાર આવ્યો; એ હાથમાં માતૃભૂમિનો એક નાજૂક વાવટો ! એણે હાકલ કરી, " અમારી મા અમને પાછી સોંપો ! અમર રહો માતા કોરીઆ. "

ચારસો હાથ આકાશ તરફ ઉંચા થયા; ચારસો ન્હાના વાવટા હવામાં ઉડવા લાગ્યા. ચારસો કંઠની અંદરથી ધ્વનિ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ઉઠયો, “ અમર રહો મા, અમર રહો મા, અમર રહો, માતા કોરીયા. ”

ટપોટપ ગજવામાંથી સરકારી નિશાળોનાં સર્ટીફીકેટો ટુકડે ટુકડા થઈને જમીન ઉપર પડયાં. અને મીઠાઇ વહેંચવા આવેલા મહેમાનોને દિગ્મૂઢ હાલતમાં મૂકીને ચારસો રોષયુક્ત, ગર્વ-યુક્ત, ભયમુક્ત ચહેરાઓ મંડપમાંથી એકતાલે કદમ મૂકતા બહાર નીકળ્યા. પ્રવાહમાં જેમ પ્રવાહ મળે તેમ બાળક બાળિકાઓનાં ટોળાં એકઠાં થયાં, ને માતા કોરીયાનો જયઘોષ કરવા લાગ્યાં.

આ કાંઇ તમાશો નહોતો. કોરીયાનું પ્રત્યેક બાળક પણ જાણતું હતું કે જાપાની રાજ્ય, કોરીઆનો વાવટો ઉડાવનારનું માથું ઉડાવે છે; પછી તે માથું બાળકનું હો કે બાલિકાનું.

નાગી તલવારો લઈને સરકારી સીપાઇઓ એ બાળકોની સુંદર મેદિની ઉપર તૂટી પડયા. ચારસો બાલક બાલિકા પકડાયાં. ઘણાં યે ઘવાયાં. પાદરીઓની ઇસ્પીતાલોમાંથી પંદર રમણીઓ પિતા જીસસનાં પ્યારાં શિશુઓની સહાયે દોડી. એ પણ પકડાણી. કુમારીકાઓએ કસી કસીને પોતાનાં અંગ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ઉપર ચોળીઓ ને ચડ્ડીઓ શીવી લીધેલી, તે ચીરીને સીપાઇઓએ બધીને નગ્ન કરી ભર બજારે ઉભી રાખી. માતા કોરીઆનાં સંતાનોની આંખમાથી આ દેખાવે લોહી ટપકાવ્યાં. છેડાયેલી જનતા તોફાન પર આવી. લોકો રાવ લઇને પોલીસના વડા પાસે દોડયા. જાપાની અધિકારીએ જવાબ વાળ્યો કે "રમણીઓને નગ્ન કરવાનું જાપાની કાયદામાં મંજુર છે."

આ જાપાન કોણ? આપણી માતાના એશિયાઇ બહેન! જેણે સૈકાઓ સુધી જુલ્મની સાંકળો ઉચકીને આખરે એક દિવસ એ સાંકળોને તોડી નાખી; જેણે પોતાના શૌર્યથી, ને કળાકૌશલ્યથી આખા યુરોપને તેમજ અમેરીકાને ચકિત કર્યું; જેણે જગતમાં એશિયાની ઇજ્જત જાળવી.

આવું પ્રતાપી, ને સમૃદ્ધિશાળી, જાપાન કોરીયાને શા માટે સંતાપે છે? એ કરોડ નિર્દોષ ને શૂરવીર મનુષ્યોએ એનો શો અપરાધ કર્યો છે? દુનિયાના એક ખુણામાં પડયો પડયો એ પ્રાચીન દ્વીપકલ્પ ચાર હજાર વરસો થયાં સ્વતંત્રતા ભોગવતો હતો, પોતાનો કીર્તિવંત ને નિષ્કલંક ઇતિહાસ પોતાનાં બાલકોને ભણાવી રહ્યો હતો. એનાં સંતાનોને ગાવાની કવિતા હતી, પોતાના સુંદર મનોભાવો પ્રગટ કરવા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

એને શિલ્પકળા હતી. પોતાને આંગણે બેઠી બેઠી એ પ્રજા પેગોડા બાંધીને બુદ્ધ દેવની બંદગી કરતી હતી. આવી નિરપરાધી શાંતિપ્રિય પ્રજાએ જાપાનનું શું બગાડ્યું ?

સવાલનો જવાબ સવાલથી જ દઇએ. ઇજીપ્તે અને આયર્લાંડે ઇંગ્લાંડનું શું બગાડ્યું ? હંગેરીએ આસ્ટ્રીઆનું શું બગાડ્યું ? કોંગોવાસીઓએ બેલજીઅમનું શું બગાડ્યું ? અને ભારતવર્ષે બ્રીટાનીઆનો શો અપરાધ કર્યો ?

કોરીયાનો અપરાધ એટલો કે એણે પોતાની ભૂમિ ઉપર જાપાનને પગ મેલવા દીધો; એણે જાપાનને નીતિ ને સાહિત્ય શીખવ્યાં; શિલ્પ અને ફિલસુફી શીખવ્યાં. વધુ અપરાધ એ કે કોરીયા ચીનને આશરે આનંદ કરી રહ્યું હતું. એથીયે વધુ અપરાધ એ કે એના કેટલાએક અણસમજુ સંતાનોએ જાપાની લોકોને પોતાની ભૂમિમાં દાખલ થતા અટકાવ્યા, ને થોડાકને ઠાર કર્યા. સહુથી મોટો અપરાધ તો એ કે કોરીયામાં વેપાર વાણિજ્ય બહુ કસદાર હતાં, એને બહુજ મોટાં મોટાં કિમતી બંદરો હતાં, પણ વેપાર ખીલવનારા વેપારીઓની કોરીયામાં ખેંચ હતી ! કોરીયાનો રાજવહીવટ ચાર હજાર વરસો થયાં ચાલતો પણ, એમાં જાપાનની નજરે ઘણા દોષો હતા ! કોરી-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

આમાં રેલ્વે હતી, પણ એની સુવ્યવસ્થા કરનારા જાપાની અમલદારો નહોતા ! રે ! કોરીઆમાં સોનાની ખાણો હતી !

પરદુ:ખભંજન જાપાને આ નાનકડી તોફાની પ્રજાને શી રીતે, ને કેટલી કેટલી મુશીબતે ઠેકાણે આણી તેનો ટુંકો ઇતિહાસ તપાસીએ. સીતેર વરસનો ટુંકો આ ઇતિહાસ છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

## પ્રકરણ ૨ જું.

### પ્રભાતનું શાંતિસ્થાન.

ચીનની કમર પર લટકતી કોઇ તલવાર જેવી આ દેવ-ભૂમિ ચીનની પૂર્વમાં ને દક્ષિણમાં શોભી રહી છે. વાયવ્ય ખુણામાં જાપાની સામુદ્રધુની ઘુઘવે છે, અને દક્ષિણે તથા પશ્ચિમે અપરંપાર ન્હાના ન્હાના ટાપુઓ એને ઘેરીને બેઠા છે. બરફના મુગટ માથે મેલીને જળ દેવતાના સેંકડો કુમારો કેમ જાણે પ્રકાશમાં રમવા નીકળ્યા હોય, અને પૃથ્વીપરની એકાદ રમણીના પગ આગળ ઘેરો વળી કુતૂહલની નજરે નિ-હાળી રહ્યા હોય એવો રમ્ય દેખાવ કોરીયાના કિનારા પર ખડો થાય છે.

ઉત્તરથી દક્ષિણ સુધી આખા મુલક ઉપર અનેક ન્હાના મોટા ડુંગરા વેરાયેલા છે. રત્ન-કણિકા સમી એની દસહજાર શિખરમાલા ઉપર એક કાળે બૌધ વિહારો બંધાયેલા. આજ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ફક્ત કોરીયાનાં મનુષ્યોજ નહિ પણ ચીન અને જાપાનના નિવાસીઓ પણ એ પ્રદેશની ભવ્યતા ઉપર મોહી પડેલા છે. દસ હજાર ગિરિ–શિખરોથી છવાયેલો એ દેશ, તોફાને ચડેલા એકાદ સમુદ્ર જેવો જણાય છે. આખા મુલકમાં કયાંક કયાંક ગીચ ઝાડીઓ ઝુકી રહી છે, તો બીજી બાજુ ઘણા પ્રદેશપર કેવળ વનસ્પતિ વિહોણા પહાડો ઉભા ઉભા તપે છે, પ્રત્યેક પહાડમાં, અને ખીણમાં ઝરણાં દોડા દોડ કરે છે. ત્યાં મોટી નદીઓ બહુ ઓછી છે.

રોમ નગરની ઉત્પત્તિ પહેલાં દોઢ હજાર વરસ ઉપર, અને ઇસુખ્રીસ્તના જન્મથી અઢી હજાર વરસ પૂર્વે કોરીઆના ઇતિહાસનો આરંભ થાય છે. સ્વર્ગના સરજનહારનો એક કુમાર, પોતાના દેવદૂતોને લઇ પૃથ્વીપર ઉતર્યો, અને આ ઉજ્જડ દ્વીપકલ્પના એક પહાડ ઉપર ચંદનના ઝાડ નીચે એણે આસન માંડયું, એક હજાર વરસ સુધી એણે રાજ્ય ચલાવ્યું. આખરે, પોતાનું અસલ દેવ–સ્વરૂપ ધારણ કરીને એ અમર–લોકમાં સ-શરીરે ચાલ્યો ગયો. એના રાજ્યના સ્મરણ અવશેષો હજુ યે મોજુદ છે. એક ટાપુની અંદર પ-હાડ ઉપર એણે બંધાવેલી યજ્ઞ—વેદી હજુ હયાત છે. ત્યાર પછી એના પુત્રે રાજ્ય કરેલું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

આ તો પુરાણ-કથા. કોરીયાની સંસ્કૃતિનો પિતા તો ઇસ્વીસન પૂર્વે ૧૧૨૨ મે વરસે ચીન દેશમાંથી કોરીઆમાં આવ્યો. ચીનના બાદશાહ ચાઉની જુલ્મ-જહાંગીરીએ આખા દેશને સળગાવી મુકેલો, તે વેળા એ વ્યભિચારી શહેનશાહના દરબારમાં ત્રણ ઋષિઓ પ્રધાનપદે હતા. શહેન-શાહને અત્યાચારને માર્ગેથી ઉગારી લેવાનો આ ત્રણ ઋષિ-ઓએ યત્ન કરેલો. બાદશાહે પોતાની એક રખાયતની શીખ-વણીને વશ થઇને ત્રણમાંથી બે વૃદ્ધોને ઠાર માર્યા. ત્રીજો વૃદ્ધ કી ત્સી તે કાળે કારાગારમાં પડેલો. જૂનો રાજા પદભ્રષ્ટ થયો. નવા રાજાએ એ બંદીવાન સચીવને છુટો કર્યો, અને અસલની પદવી ઉપર બેસવા આજ્ઞા કરી. પરંતુ એને પોતાનો જૂનો સ્વામી સાંભર્યો. પોતાના ઉપર કાળો કેર ગુજાર્યા છતાં યે એ જૂના બાદશાહની પ્રત્યે પોતાનો ભક્તિ-ભાવ હજુ અમર હતો, પોતાના એક કાળના માલીકની દુર્દશા એનાથી ન જોવાણી. એણે પ્રધાનપદ સ્વીકારવાની ના પાડી. પાંચ હજાર સૈનિકો લઇને વૃદ્ધ ચાલી નીકળ્યો. કોરીઆમાં આવીને એણે રાજ્ય સ્થાપ્યું. એ દેશનું નામ પાડયું "પ્રિય ભૂમિ" અગર "પ્રભાતનું શાંતિ-સ્થાન."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વૃદ્ધ કી ત્સી આવ્યો તે પહેલાં કોરીઆની કેવી હાલત હતી ? ત્યાં જંગલી જાતો વસતી, જંગલીઓ અંગ ઉપર ઘાસનાં વસ્ત્રો પહેરતાં, ઉનાળામાં ઝાડ તળે રહેતાં, અને શિયાળામાં ભોંયરાની અંદર ભરાતાં. ફૂળ ફુલનો આહાર કરતાં. નવા રાજાએ જંગલી પ્રજાને ચીનનાં કળા કૌશલ્ય શીખવ્યાં, ખેતીની તાલીમ દીધી. ઉપરાંત નવી સભ્યતા શીખવી. રાજા પ્રજા, પિતા પુત્ર, પતિ પત્નિ, વૃદ્ધ યુવાન, સ્વામી અને સેવક, એ વચ્ચેનો પરસ્પર સંબંધ સમજાવ્યો, અને આઠ સાદા કાયદા ઠરાવ્યા. માત્ર આઠ જ કાયદાનો અમલ એવો તો ઉત્તમ નીવડયો કે લૂંટ ચોરીને કોઇ જાણતું નહિ, ઘરનાં બારણાં દિવસ રાત ખુલ્લાં રહેતાં, અને સ્ત્રીઓનું શિયળ કદી પણ નહોતું લુંટાણું—૩૧ વરસ રાજ કરીને રાજા અવસાન પામ્યો. એ ઋષિની કબર હજુયે કોરીયામાં મોજુદ છે. વરસે વરસે ત્યાં યાત્રાળુઓ આવે છે. એના કુળની ગાદી એક હજાર વરસ સુધી ટકી. આખરે ચીનની તલવારે એ કુળનો ધ્વંસ કર્યો.

ત્યાર પછી એ દેશ ઉપર ત્રણ જુદાં જુદાં રાજ્યો સ્થપાયાં કે જેના ઇતિહાસ સાથે આપણને અત્રે કશી નિસ્બત નથી.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

## જાપાન સાથેના સંબંધની શરૂઆત.

જાપાનના ઇતિહાસમાંથી એક એવી કથા નીકળે છે કે, ઇ. સ. ૨૦૦ ની અંદર જાપાનની મહારાણીને સ્વર્ગમાંથી પ્રેરણા થઇ. એ પ્રેરણામાં એને સંભળાયું કે "પશ્ચિમે સોના રૂપાથી રેલી રહેલી એક ભૂમિ છે, અપરંપાર સમૃધ્ધિથી શોભતી એ ભૂમિ કોઇ સુંદર સુસજ્જ રમણી જેવી દેખાય છે." મહારાણીને એ ભૂમિમાં જવાની અભિલાષા થઇ. એની આજ્ઞાથી એક સેના તૈયાર કરવામાં આવી. અને ચોમેરથી નોકાઓ એકઠી થઇ. મંગળ શુકન સામાં મળ્યાં, દેવોએ બે ફિરસ્તાઓ એનું રક્ષણ કરવા મોકલ્યા, વ્હાણને હંકારવા વાયુ દીધો, અને દરીયામાંથી પ્રચંડ માછલીઓ બ્હાર આવીને વ્હાણને પોતાની પીઠ ઉપર ઉપાડી ચાલી.

કિનારા ઉપર એ ત્રણ રાજ્યોમાંનું એક સીલા નામનું રાજ્ય આવેલું. ત્યાં આખા પ્રદેશ પર સમુદ્રનાં પાણી ચડવા લાગ્યાં. લોકો ભય પામ્યાં.

સીલાની પ્રજા કળા કારીગીરીમાં નિપુણ હતી. રાજ-પ્રકરણી આવડતમાં ઉસ્તાદ હતી. પણ યુધ્ધનાં બખ્તર સજ-વાની તાકાદ એમાં નહોતી. રાજા લાચાર બનીને મહારાણી



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.
11/50

પાસે આવ્યો, ઘુંટણપર પડયો, ભોંય સાથે માથું અડકાવ્યું, અને કોલ દીધો, કે "જ્યાં સુધી સુર્ય પશ્ચિમે નહિ ઉગે, નદીઓનાં વ્હેન પાછાં નહિ વળે, પત્થરો આકાશમાં ચડીને તારા નહિ બની જાય, ત્યાં સુધી કોરીયાનો રાજા જાપાનને ચરણે નમ્યા વિના નહિ રહે, ખંડણી ધરતો નહિ અટકે."

મહારાણીએ રાજાની શરણાગતી મંજુર રાખી. રાજાના ખજાનામાંથી સોનું રૂપું રેશમ ઇ૦ નાં આઠ જહાજ ભરીને રાણી જાપાન ગઇ. જાપાનીઓ કહે છે કે બાકીનાં બન્ને રાજ્યો પણ, સીલાની દશા જોઇને, તેમજ જાપાની હલ્લાનું જોર જોઇને ચુપચાપ ચેતી ગયા, તથા માગ્યા પ્રમાણે ખંડણી ભરતા થઇ ગયા.

કોરીઆને આજે કબ્જે કરી લેવાનો જાપાની દાવો, આ પુરાણા ઇતિહાસ ઉપર મંડાયો છે. પરંતુ ચીન અગર કોરીયાની તવારીખોમાં આવો કોઇ બનાવ કયાંયે માલૂમ પડતો નથી.

કોરીઆનો ઇતિહાસ ફક્ત એટલું જ બતાવે છે કે ત્રણે રાજ્યોની અંદર પરસ્પર કલહ ચાલતો હોવાથી તેમાંનું એક સંસ્થાન જાપાનની સાથે મહોબ્બત બાંધવા વારંવાર મિત્રા-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ચારીની ભેટ સોગાદ મોકલ્યા કરતું. જાપાન એ ભેટનો અંગીકાર કરી મિત્રતાને દાવે એ સંસ્થાનને મદદ પણ કરતું.

## જાપાનને કોરીઆએ શી શી સંસ્કૃતિ દીધી ?

૪૦૫ ની સાલમાં વાની નામનો એક શિક્ષક કોરીયાએ જાપાનને સમર્પ્યો. વાનીના આગમન પહેલાં જાપાનને લખવા લીપી નહોતી ચોપડા નહોતા. શિક્ષણ શરૂ થયું, ને ચીનાઇ સંસ્કૃતિની આખી પ્રણાલી જાપાનમાં ઉતરી. આજ જે કળા કૌશલ્યને માટે જાપાન જગવિખ્યાત છે તેની કકા બારાક્ષરી તો એ એક કોરીયાવાસી આચાર્યે ઘુંટાવી.

ત્યાર પછી કોરીયાથી સાધુઓ આવ્યા. બુદ્ધ ભગવાનની પ્રતિમા સાથે લાવ્યા. જોતજોતામાં બૌધ ધર્મ જાપાનનો રાજ-ધર્મ બન્યો. સાધુઓ આખા મુલકમાં ઘૂમી વળ્યા, દયાનો સંદેશ ફેલાવ્યો, જાપાનીઓ પોતાના પુરાણા દેવતાઓને ભૂલ્યા. સાધુ સાધ્વીઓનાં ટોળેટોળાં આવી પહોંચ્યાં, અને તેઓની સાથે કડીયા, કોતરકામ કરનારા, કંસારા, અને બીજા કારીગરો પણ ખેંચાઇ આવ્યા. ઠેરે ઠેર બૌધ ધર્મના કીર્તિ મંડાણી, અને દેવાલયો બંધાયાં. નૃત્ય, સંગીત, ખગોળ, ભુગોળ અને જ્યોતિષ વિદ્યા પણ કોરીયાએ જાપાનમાં છૂટે



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

હાથે વેર્યાં. કોરીયાનાં મહાન વિદ્યાલયોને બારણે જાપાની જુવાનો શીખવા જતા, ત્યાંથી ચીનનાં વિદ્યાલયોમાં ભણવા જતા.

આજ આ જાપાને કોરીયાની એ સંસ્કૃતિનો ધ્વંશ કરી નાખ્યો છે.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ ૩ જું.

## ઘરના ઘા.

૧૧ મા અને બારમા સૈકાનીઓની અંદર તો કોરીયા ઉપર કંઇ કંઈ વીતકો વીતી ગયાં. એક વખત એ પ્રજાને શોરે પણ ધર્મની સત્તા જામેલી. બૌદ્ધ સાધુઓનું મંડળ પોતાના સ્વાર્થ ખાતર આખા દેશપર રાજ્ય ચલાવતું. સાધુઓએ પોતાના વિહારોને કિલ્લા બનાવી નાખ્યા. એક હાથમાં તલવાર અને બીજા હાથમાં ધર્મગ્રંથ લઇને સાધુઓ આખી શહેનશાહત ચલાવવા લાગ્યા. પ્રજા પરનો જુલ્મ બેહદ હતો.

ત્યાર પછી ૧૨–૧૩ ની અંદર જગત–વિજેતા જંગીસખાને કોરીઆનો કચ્ચર ઘાણ વાળ્યો. જંગીસખાનના વંશજ કુબ્લાખાને તો કોરીયાને ખંડીયું રાજ્ય બનાવી દીધું. જાપાનની સાથે કોરીઆને વેર કરાવનાર આ જાલીમ કુબ્લાખાન. કુબ્લાખાને કોરીયાની બલાત્કારે સહાય મેળવીને જાપાન પર સ્વારી કરેલી. જાપાન એ દિવસોને ભૂલ્યું નથી.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાનના હલ્લાઓ તો ઘણી યે વાર આવી ગયા. પણ જ્યાં સુધી આ ન્હાના દ્વીપકલ્પનો સામાજીક આત્મા શુદ્ધ હતો ત્યાં સુધી એ બહારના હલ્લાઓ અંગ ઉપરથી પાણીનું બિન્દુ પડીને દડી જાય તેમ આવીને ચાલ્યા ગયા. પણ છેલ્લા ૩૦૦ વરસ થયાં એ પ્રજાનો પ્રાણ ડોળાયો હતો.

દેશમાં બેજ વર્ગ હતા. અમીર અને રૈયત. અમીરનાં ખેતરો રૈયત ખેડતી. રૂશ્વત અને વગસગને બળે દેશની તમામ સરકારી જગ્યાઓ અમીરજાદાઓને જ હસ્તગત રહેતી. સરકારી નોકરી ન મળી શકે તો આ અમીરજાદાઓ શાળાઓમાં શિક્ષક બનતા. તે સિવાય દેશના હુન્નર ઉદ્યોગ કે વ્યાપાર વાણિજ્યમાં પડવું એ તો એમના ગૌરવને હાનિ પહોંચાડવા જેવું હતું. આજ આપણે ત્યાં જમીનદારોના પુત્રોની જે હાલત થાય છે તેજ હાલત એ અમીર વર્ગની થઇ. ટોળાબંધ અમીરજાદાઓ આળસુ જીંદગી ગાળતા, અને પોતાના વિલાસોને પહોંચી વળવા માટે ખેડુઓને ચૂસતા. આખું વરસ ખેડયા પછી નીપજમાંથી, સાંઠ ગુજારો થાય તેટલોજ દાણો ખેડુને મળતો. બાકીનો ભાગ અમીરોના વૈભવોને પોષતો. અમીર ખેડુ પાસેથી ફાવે તેટલી વેઠ લઇ શકતો. વસ્તીના



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ગાડાં ઘોડાં કે ગાય ભેંસ વગર પૈસે વાપરતો. મુસાફરીમાં મફત મહેમાનગીરી કઢાવતો

કાયદો કેવળ રાજદ્રોહ સિવાય બીજા એકેય ગુન્હા બદલ અમીરને સજા ન કરી શકે. એનું મકાન જપ્ત ન થાય, કે ન એને ખુદને બંદીખાને નખાય. જ્યારે જ્યારે એનો કોઈ અપરાધ કરે ત્યારે એને અદાલતમાં જવાની જરૂર નહોતી. પરબારો પોતેજ કાયદો હાથમાં લઇ, મનમાં આવે તે શિક્ષા ઠોકી બેસાડતો. કોઇ કાળે રાજદ્રોહના ગુન્હા બદલ એને દેહાંત દંડની સજા થાય તો તેને જાહેરમાં ફાંસી નહોતી દેવાતી. પોતે પોતાના ઘરમાં બેસી ઝેરનું પ્યાલું ભરી પી જતો. આ અમીર વર્ગે વસ્તીની પાયમાલી કરી નાખેલી.

બીજો જુલ્મ રાજાઓનો. રાજા સદા દેવાંશી મનાતો. પ્રજા-જન, રાજા ન જીવતો હોય તે દરમ્યાન એનું નામ ન ઉચ્ચારી શકે. પ્રજાજન એના દેહને અડકી પણ ન શકે. ભૂલથી રાજા કદાચ કોઇને સ્પર્શી જાય, તો એ સ્પર્શવાળી જગ્યા ઉપર સદા લાલ પટી લગાવી રાખવી પડે. રાજાજીનું મ્હોં દેશના કોઇ પણ સીક્કા ઉપર નહોતું છપાતું. કારણ કે એને પ્રજા-જનોના અપવિત્ર હાથનો સ્પર્શ થાય એની છબી પણ એના મૃત્યુ પછીજ ચિતરાય. એની હજુરમાં કોઇ શોકના પોષાકમાં અગર ચશ્માં પહેરી આવી શકે નહિ. રાજાને લોઢાનો સ્પર્શ કદી ન કરાવી શકાય. આ વ્હેમને પરિણામે કેટલાયે રાજા-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ઓની બિમારી વખતે દાકતરી ઓજારો જ ઉપયોગમાં ન લઇ શકાયાં. અને રાજાઓએ જીવ ખોયો. રાજા મરે એટલે આખી પ્રજા ત્રણ વરસ સુધી શોક પાળે; તેમાં પહેલાં પાંચ માસ સુધી વિવાહ બંધ, જાહેર કે ખાનગી મ્હેફિલો બંધ, પશુઓની કતલ બંધ, અપરાધીઓનો પ્રાણદંડ ન થાય, અને અણરંગેલ શણનાંજ કપડાં સહુથી પહેરાય.

રાજાની મરજી એજ કાયદો. પ્રજાનાં જાનમાલ રાજાના હાથમાં હતાં. રાજા શાણો હોય તો આ રાજસત્તા પ્રજાનું મંગલ કરી શકતી, અને રાજા નબળો હોય ત્યારે પ્રજાનું નિકંદન નીકળતું.

આ રીતે પ્રજા આશાહીન, લાઇલાજ, ને હૃદયહીન બનતી ગઇ, અને ભૂખમરો તો પ્રજાને આંગણે પ્રત્યેક વરસે હાજર જ હતો.

કોરીયાની અંદર રમણીઓની હાલત બહુ બુરી બની ગએલી.

ઘરના ઘા ખાઇ ખાઇને છેક જેર થઇ ગયેલી પ્રજા બહારના હુમલાઓ સામે કયાં સુધી છાતી ધરી શકે ? કોરીયા ભાંગ્યું તે જાપાનની તલવારથી નહિ–ઘરનાં પીડનોથી.*

* જાપાનના પક્ષપાતી "Story of Korea" એ પુસ્તકને આધારે લખાયેલું આ પ્રકરણ છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

## પ્રકરણ ૪ થું.

### રણવાસમાં રક્તપાત.

જાપાનની જૂની રાજધાની કયોટો નગરમાં કોઇ પરદેશી જાય તો એ શું નિહાળી રહે છે ? એ શહેરની એક શેરીમાં એક સ્મરણ–સ્થંભ ઉભો છે. એનું નામ “ નાક કાનનો સ્મરણ સ્થંભ ” ! હજારો કોરીયાવાસીઓનાં નાક કાન કાપીને એ સ્થંભ નીચે જાપાનીઓએ દાટેલાં છે. પોતાનાજ અત્યાચારોના સ્મરણસ્થંભો બીજી કોઇ પણ પ્રજાએ ઉભા કર્યા છે કદી ?

૧૫૯૨ ની સાલનો પુરાણો આ સ્મરણસ્થંભ છે. જાપાનના નામાંકિત રીજંટ હીડેજોશીએ એ વરસમાં એક જબ્બર સેના કોરીયાને કિનારે ઉતારેલી. પચાસ હજાર કોરીયન સૈનિકોએ એની મહેમાની કરેલી. ચીન કોરીયાની કુમકે પહોંચ્યું, ને જાપાનીઓને નસાડયા. નાસતા નાસતા એ દુશ્મનો કોરીયાના મહામૂલા પ્રદેશો લૂંટતા ગયા. લૂંટી જવાયું નહિ તે બધાને આગ લગાડતા ગયા, કળાના અમૂલ્ય નમુનાઓનો નાશ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

કરતા ગયા, અને આશરે ત્રીશ લાખ મનુષ્યોની કતલ કરતા ગયા, જેની અંદર ૨૭ લાખ તો નિર્દોષ, નિઃશસ્ત્ર બચ્ચાં, બૈરાં અને પુરૂષો હતાં. સાત વરસ સુધીની ઝપ્પાઝપ્પીનું આ પરિણામ આવ્યું.

કોરીયાની આ મહેમાની ચાખી ગયેલું જાપાન બીજાં ૩૦૦ વરસ સુધી ફરી ન ડોકાયું. ચીન પોતાના એ ન્હાના મિત્ર કોરીયાને પોતાની પાંખમાં લઇને બેઠેલું. જાપાનની લોલુપ આંખો તો આઘે આઘેથી પણ ટાંપીનેજ બેઠેલી.

૧૮૭૬ ના વરસમાં જાપાનના કેટલાએક માણસો કોરીઆને કિનારે ઉતર્યા. કોરીઆવાસીઓ કહે કે અમારા દેશમાં નહિ ઉતરવા દઇએ. ઝપ્પાઝપ્પી જામી. જાપાનીઓનાં લોહી રેડાયાં. જાપાની સરકારનો કોપ ફાટી નીકળ્યો. એ કહે કે કાં તો લડાઇ કરો, નહિ તો અમારા વેપારને માટે થોડાં બંદરો ખુલ્લાં મૂકો. કોરીયાએ કબૂલ કર્યું. તહનામાની શરતો લખાણી. કોરીયાએ તો માગણી કરી નહોતી, તો પણ જાપાનીઓએ એ તહનામાના અંદર 'કોરીઆ સર્વ દેશોથી સ્વતંત્ર એક દેશ છે' એવી કલમ ઉમેરી. જાપાનનો ગુપ્ત ઇરાદો એવો હતો કે ગમે તેમ કરીને ચીનને કોરીઆનું મુરબ્બીવટ કરતું અટકાવવું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

## અમેરિકાનો કોલ.

પોતાનાં દ્વાર બંધ કરીને જ આ એકાકી સાધુસરખો દેશ (Hermit Kingdom) બેઠો રહ્યો. એની પ્રજા જાણતી હતી કે પારકા સાથે પિછાન કરવાથી ઠાલી મારામારી જાગવાની. પણ આખરે, અમેરિકાને ટકોરે, એણે ભરોસે ભૂલી બારણાં ખોલ્યાં. ૧૮૮૨ માં કોરીઆએ અમેરિકાને વેપારના કેટલા-એક કિમતી હક્કો વેચી માર્યાં. અમેરિકાએ એક કાગળના ટુકડા ઉપર લખી આપ્યું "કે તમને બીજી કોઇ પ્રજા રંજાડશે તો અમે તમારા રક્ષણ માટે અમારી વગ ચલાવીશું" અમેરિકાનો આપેલો કોલ ! કોરીયા નિર્ભય બનીને સૂતું.

કોરીયામાં એક દુષ્કાળ ફાટી નીકળ્યો. વ્હેમી કોરીયા-વાસીઓએ માન્યું કે, વિદેશીઓ આપણી ભૂમિપર આવ્યા છે માટે દેવતા કોપાયા છે. પરિણામે તેઓએ ફરીવાર કેટલા-એક જાપાનીઓને માર્યા, ને જાપાની એલચી માંડમાંડ કિનારે પહોંચ્યો.

ફરીવાર જાપાન ખળભળ્યું–લોહીને બદલે લોહી લઇએ, નહિ તો નાણાં લઇએ: એ જ એની માગણી. ચીનમાંથી દસ હજારની સેના કોરીઆની મદદે પહોંચી. પણ લડાઇની ધમ-કીથી કાયર થયેલું શાંતિપ્રિય કોરીયા જાપાની પ્રજાને ચાર લાખ યેનનો દંડ, તથા વેપારના વધુ કસદાર હક્કો આપીને છૂટયું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

એટલેથી જાપાનના પેટની જ્વાળા બુઝે તેમ નહોતું. કોરીયાનાં લશ્કરની અંદર એણે કાવતરાં રચ્યાં. કાવતરાં પકડાયાં. ફરીવાર કોરીયાવાસીઓએ જાપાની એલચીખાતા ઉપર હુમલો કર્યો. જાપાની લોહી છંટાયું, ને જાપાનની અંદર ફરીવાર યુદ્ધનો સાદ પડયો. પણ સરકાર જાણતી હતી કે કોરીયાની સાથે યુદ્ધ કરવું એનો અર્થ એ કે ચીન સાથે યુદ્ધ. આવી જાદવાસ્થળી માટે જાપાન તૈયાર નહોતું.

જાપાનનું બખ્તર ખણખણ્યું. ૧૮૮૫ માં જાપાને શસ્ત્રો સજ્યાં. જાપાન ચીનને કહે કે "જુઓ ભાઇ ! આ બિચારા કોરીયાની છાતી ઉપર આપણે આપણાં સૈન્યો ચાંપી રહ્યા છીએ એ ઠીક નહિ. તમે પણ સૈન્ય ઉઠાવી લ્યો. અમે પણ અમારૂં સૈન્ય ઉઠાવી લઇએ, પણ ખબરદાર ! પહેલેથી કોરીયાને ખબર દીધા વિના કદી સૈન્ય મોકલવું નહિ."

ભોળા ચીનાઓ ચાલ્યા ગયા. જાપાને કોરીયાવાસીઓની અંદર અંદર જ ઉશ્કેરણી કરી હુલ્લડ જગાવ્યું પોતાના દેશનો ધ્વંસ તો દેશીઓજ કરો શકે.

ચીનને આ માલૂમ પડયું. જાપાનની સાથે પવિત્ર સંધિમાં બંધાયેલું ચીન એમને એમ તો લશ્કર શી રીતે મોકલી શકે? એણે કોરીયાના નૃપતિને પૂછાવ્યું કે "લશ્કર મોકલું ?"

ચીન પૂછાવતું રહ્યું ત્યાં તો દસ હજાર જાપાની સૈનિકો શીયુલ નગરમાં દાખલ થયા.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાની એલચીએ દસ હજાર જાપાની બંદુકો તરફ આંગળી બતાવીને કોરીયા નરેશની આગળ એક કાગળ મૂકયો. એ કાગળમાં નીચે પ્રમાણે શરતો હતી.

૧–ચીનનું સુરબ્બીપણું છોડી દો.
૨–વેપાર વાણિજ્યના મોટા મોટા હક્કો આપો.
૩–રેલ્વે બાંધવા દો.
૪–સોનાની ખાણોનો ઇજારો આપો.
૫–ત્રણ દિવસની મુદત આપીને જાહેર કરો કે ચીનાઇ સેના કોરીયા ખાલી કરી જાય.

ચીન જાપાનની તલવારો અફળાણી. જાપાને શીઉલ નગરનો કબજો લીધો. કોરીયા–નરેશે બધી શરતો ઉપર સહી કરી. જાપાને પચાસ જાપાની સલાહકારોને કોરીયાના દરબારમાં બેસાડી દીધા. આખા દેશ ઉપર કબજો લેવાયો, અને લડાઇ ખતમ થતાં તો કોરીયાનો તમામ વેપાર જાપાને હસ્તગત કરી લીધો.

નમાલો નૃપતિ આ બધો તમાશો ટગર ટગર જોતો રહ્યો. એશિયાના દેશોમાં રાજા એટલે શું ? રાજાની એક આંગળી ઉંચી થાત તો કોટિ કોટિ પ્રજાજનો–પુરૂષો અને રમણીઓ બાલકો ને બાલિકાઓ–જાપાની બંદુકની સામે પોતાની છાતી ધરીને ઉભાં રહેત. પણ રાજા તો વિચાર કરતોજ રહ્યો, જીવન–મરણના સરવાળા બાદબાકી ગણતો રહ્યો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પરંતુ ઇતિહાસ એક વાત બધા દેશોમાં બોલી ગયો છે. દેશની અંદર પુરૂષજાત જ્યારે નિર્બળ બની જાય, ત્યારે અબળાઓનું છૂપું જોશ ભભૂકી નીકળે. કોરીયાના અંતઃપુરમાં પણ એ રાજ–રમણીનું–રાણીનું હૃદય ખળભળી ઉઠયું. એ ચકોર નારી ચેતી ગયેલી કે જાપાનના આ કાવાદાવાની અંદર શી શી તલવારો સંતાઈ રહી છે. રાજ્યના ડાહ્યા ડમરા પ્રધાનો જે વાતનો નિકાલ દસ મહિને નહોતા લાવી શકતા એનો નિર્ણય આ અબળા દસ મીનીટમાં લાવી મૂકતી. રાજાને એણે મેણાં માર્યાં. એ વીરાંગના બોલી ઉઠી કે "શું મ્હારી પ્રજાનું ભાગ્ય પેલા જંગલી જાપાનીઓ આવીને ઘડી આપશે? રાજા! આપણા રાજ્યમાં જાપાનીઓનો પગ ન હોય."

જાપાનીઓને સમાચાર પહોંચ્યા કે કોરીયાના રણવાસમાં એક રમણીનો પ્રાણ જાગૃત છે. જાપાની અમલદારો રાણીની પાસે ગયા, એને ફોસલાવી, ધમકી આપી, રૂશ્વત અને ખુશામતના રસ્તાઓ પણ અજમાવ્યા. મહારાણીનું એક રૂંવાડું પણ ફરકયું નહિ, જાણે ખડક ઉપર મોજાં વ્યર્થ પછડાઇને પાછાં વળ્યાં.

પછી જાપાને એના અંતરના અંધકારમાં ઘોર મનસૂબો કર્યો. પોતાના પાડોશી રાજ્યની રાણીનો પ્રાણ લેવો એ અલબત જાપાન જેવી સમજુ સત્તાને ગમે તો નહિ! પણ જાપાનના હાથમાં બીજો કશો ઇલાજ નહોતો. જાપાનને તો "મહાન



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાન " બનવાની મહત્વાકાંક્ષા હતી. એ મનોરથની આડે જે આવે તેણે ઉખડીજ જવું જોઇએ !

જાપાની એલચીએ જાપાનથી મારાઓ બોલાવ્યા. મારાઓ મ્હેલમાં દાખલ થયા, રાણીને ઠાર કરી, અને રણવાસને આગ લગાડી. વાહ રે વીર્યશાળી જાપાન ! આખી એશિયા માતા જુગજુગાન્તર સુધી એ રમણીના ખૂન ઉપર ગુપ્ત આક્રંદ કરતી રહેશે, ને તને દુવા દેશે !

રાણીનું ખૂન થતાં થઇ ગયું, પણ જાપાન મ્હોંમાં આંગળી ઘાલી મુંઝાતું ઉભું. એ સમાચાર દબાવી રાખવા જાપાની અમલદારોએ કોશીશ કરી. અમેરિકાના એક વર્તમાનપત્રનો ખબરપત્રી તે કાળે કોરીયામાં હતો તેણે અમેરીકા તાર કર્યો, પણ જાપાની સત્તાએ તાર અટકાવ્યો, ને એ ગૃહસ્થને નાણાં પાછા મળ્યાં.

ગમે તે પ્રકારે પણ એ ખબર યુરોપ અમેરિકાને કિનારે પહોંચી ગયા. સુધરેલી દુનિયાને ફોસલાવી લેવા ખાતર એ ખૂન કરાવનારા અધિકારી ઉપર જાપાને કામ ચલાવવાનો તમાશો કર્યો. આરોપી છુટી ગયો. મરેલી એ રાણીને જાપાની સત્તાએ ખૂબ વગોવી. પિશાચને પુજનારૂં જાપાન મૃત્યુની પવિત્રતાને શી રીતે પિછાને ?

રાણી મરાણી, ને રાજા પકડાયો. પરંતુ બંદીવાન રાજાએ ન્હાસીને રૂશીઆનો આશરો લીધો. રૂશીયન રીંછની સામે થવાની જાપાનમાં હિમ્મત નહોતી, એટલે ફરીવાર રૂશીઆ, કોરીયા, અને જાપાન વચ્ચે શરતો થઈ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

રાજા ગાદી પર આવ્યો, લશ્કર અને પોલીસખાતું પાછાં કોરીયાને સોંપાયાં. જાપાને વચન આપ્યું કે કોરીયાની ખીજાયેલી પ્રજા જરા શાંત બની જશે એટલે અમારૂં લશ્કર અમે પાછું ખેંચી લેવાના.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ ૫ મું.

## તૈયારીની તક ગુમાવી.

પરરાજ્યોની ડખલ દૂર થઇ. પછી તો પ્રજાને તૈયાર કરવાનો વખત હતો. પણ કેટલી કેટલી પ્રજાઓએ એવી તૈયારી કરવાની તકો ગુમાવી નાખી છે! કોરીયાના રાજ્ય–તંત્રમાં સડો પેઠો. સારા આદમીને એમાં સ્થાન નહોતું. પરદેશીઓની મદદ વિના જ દેશની દુર્દશા મંડાણી.

પ્રજાની આ દુર્દશા ઉપર દેશનો એક પ્રાણ ફિકર કરતો કરતો જાગતો હતો–એ જવાળામય દેશભક્ત જેઇસન. એના મનમાં ઉમેદ હતી કે સરકારમાં નોકરી મેળવીને માતૃભૂમિની સેવા કરીશ. પણ રાજવહીવટના એ પ્રાણહીન યંત્રમાં જેઇસને પોતાનું સ્થાન ક્યાંયે ન જોયું.

એણે બહાર રહીને દેશની નજર સામે આદર્શ ધરવા મનસૂબો કર્યો. એ વર્તમાનપત્રો કાઢયાં, ને એક

**સ્વાતંત્ર્ય સભા**

કાઢી. એક દીવાની જ્યોતમાંથી અનેક દીવા પ્રગટાવાય, તેમ ત્રણ મહિનામાં તો સ્વાતંત્ર્ય–સભાને ચોપડે દસ હજાર વીરોનાં નામ નોંધાયાં. કોરીયા સરકારની કાળી કિતાબને પાને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પણ એ દસ હજાર નામ ચડી ચુકયાં. પ્રજાનો આત્મા જાગે એ અધિકારીઓથી શી રીતે સાંખી શકાય ?

સ્વાતંત્ર્ય સભા માત્ર ભાષણોજ નહોતી દેતી. માત્ર ચર્ચાઓજ નહોતી કરતી. એણે શું કર્યું ? જ્યારે કોરીયાની સરકારે પોતાના સૈન્યને તાલીમ દેવાનું રૂશીઆને સુપ્રત કર્યું, ત્યારે એ દસહજાર સભાસદો રાજમહેલને ઓટે ખડા થયા, અને રાજાને અરજ ગુજારી કે રૂશીઆના અમલદારોને નિકાલો, કરારનામું ફાડી નાખો, ત્યાર પછીજ આંહીથી અમે હટવાના. રાજાનો બીજો ઈલાજ નહોતો. દસહજારની ભુજાઓમાં નવું બળ આવ્યું. રાજાની આગળ એણે નવા સુધારાનો ખરડો ધર્યો.

૧. પરદેશી ડખલગીરી છોડો.

૨. વિદેશીઓને હક્કો આપવામાં વિવેક રાખો.

૩. રાજ્યદ્વારી ગુન્હેગારોનો છડેચોક ઇન્સાફ કરો.

૪. રાજ્ય ખરચની બદીઓ દૂર કરો.

૫. લોક–પ્રતિનિધિ મંડળ સ્થાપો.

રાજાજીને આ વાતો વસમી લાગી. એણે આજ્ઞા દીધી કે એ મંડળને જ વિખેરી નાખો.

દસ હજારે શું કર્યું ? જાલીમની સામે એણે શસ્ત્રો ન ઉગામ્યાં. અહિંસાના સિદ્ધાંતને બરાબર સમજનાર આ પ્રજાએ એક કાંકરી પણ ન ફેંકી. પોલીસ થાણાંઓની અંદર જઇને હાથ ધર્યા કે "પહેરાવો બેડી."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

દસ હજારને પૂરવાનાં જેલખાના કયાં ? શરમાતે મ્હોંયે પોલીસે ફક્ત સત્તર સરદારોને પકડયા. પાંચમા દિવસની પ્રભાતે તો બંદીખાનાં ખોલાયાં ને સુધારા મંજુર થયા.

જેવા લોકો ઘેર પહોંચ્યા તેવી જ સુધારાની વાત જ ઉડી ગઇ. ઠગાયેલી પ્રજા રોષે ભરાણી. ઠેર ઠેર ટોળાં મળ્યાં. સીપાહીઓને હુકમ મળ્યો કે ગોળીઓ ચલાવો.

એકે એક સીપાહીએ કમર પરથી પટા ખોલીને નીચે ફેંકયા. ટોપી પરના બીલ્લા તોડી નાખ્યા. બંદુકો ભોંય પર ધરીને બોલ્યા કે “માફ કરો, પ્રજાથી અમે નોખા નથી.”

સરકાર સમજી ગઇ કે સીપાહીઓની અંદર હજુ થોડોઘણી અનુકમ્પા રહી ગઈ છે. પછી એણે કાઢયા સોલ્જરોને સંગીનની અણીએ સોલ્જરોએ તે દિવસે તો લોકોનું દળ વિખેર્યું. બીજી પ્રભાતે આવીને જુએ તો હજારોની સંખ્યામાં પ્રજા રાજમહેલની સન્મુખ ખડી થઈ હતી. ચૌદ દિવસ ને ચૌદ રાત્રીઓ એ હજારોએ ત્યાંને ત્યાં ગુજારી. કોરીયાની પ્રજા દુભાય ત્યારે આવું તાગું કરે. રાજાઓનાં લોખંડી હૃદય બીજી શી રીતે પલળે ?

રાજાને નમવું પડયું. માગેલા સુધારા મંજુર થયા લોકોએ જય-ઘોષ કર્યો. પણ બહુ ઉતાવળ થઇ ગઇ. લોકોની અંદર અંદર જ ફાટફૂટ થઇ. સુધારાનો કાગળીયો ફરીવાર હવામાં ઉડયો. લોક નાયક સીંગમાન બંદીખાને પડયો. કારાવાસના જુલ્મોની કથા આપણાથી કયાં અજાણી છે? એક



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

રાત્રીએ સીંગમેનને સમાચાર મળ્યા કે " આવતી કાલે તારો પ્રાણ લેવાશે. " બંદીવાન આનંદમાં નાચવા મંડયો.

પણ સરકારની એક ન્હાની સરખી ભૂલ થઇ ગઇ ! સીંગમાનને બદલે એની પડખેની ઓરડીવાળા બીજા કોઇ કેદીનો ઘાત કરવામાં આવ્યો. સીંગમાન બચી ગયો. છ વરસના કારાવાસ પછી ૧૯૦૪ માં એ છુટયો.

રૂસ-જાપાનની લડાઇ જામી. કોરીયાનો કોળીયો કરી જવા આ બન્ને રાષ્ટ્રો રાહ જોતા બેઠેલા હતા. રૂશીઆનું પરિબળ કોરીઆ ઉપર વધ્યું. કોરીયાએ પણ રૂશીઆનો પક્ષ લીધો. જાપાને યુદ્ધ જાહેર કર્યું. કોરીયાને કિનારે ઉભેલાં રૂસ જહાજો ડુબાવ્યાં; કોરીઆ-નરેશનો મહેલ કબજે કર્યો, અને આખા દેશ ઉપર સૈન્ય છોડી મૂકયું. આ રીતે એક સુંદર, સંસ્કૃતિશાળી, ને શાંતિમય રાષ્ટ્રની સ્વતંત્રતાનો અંત આવ્યો. જાપાનનો મનોરથ સફળ થયો.

આખા જગતની ઉઘાડી આંખો સામે એકદમ તો એક દેશ બીજા દેશને શી રીતે મોંમાં મૂકી શકે ? જાપાન કોરીયાને કહે કે તમારી સ્વતંત્રતા અમારે મંજૂર છે. અમે તો તમને એ કાગળ ઉપર પણ લખી આપ્યું છે. એથી વધુ શું ખાત્રી માગો છો ? માત્ર તમારે એના બદલામાં અમારી સલાહ લેવાનું રાખવું, અને રૂશીઆના પંજામાંથી તમને બચાવી લેવા માટે અમે જે યુદ્ધ આરંભ્યું છે, તેમાં અમારાં સૈન્યો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પસાર થવા દેવા તમારે જરૂર પૂરતી સગવડ આપવી. આ જહેમત અમે કેવળ તમારે ખાતર ઉઠાવી છે.

કોરીયા-નરેશ કહે, "અહેશાન તમારો"

પછી ધીરે ધીરે તમાશો શરૂ થયો. કોરીયાના પરદેશ ખાતાના મંત્રીઓ તરીકે જાપાનીઓ નીમાયા. ટપાલખાતું ને તારખાતું જાપાને કબ્જે કર્યું. જાપાની લશ્કરીઓ નીમાયા. જાપાની અધિકારીની રજા સિવાય રાજ્યદ્વારી સભા ન ભરાય. આની સામે અવાજ ઉઠાવનાર કોરીયાવાસીને માટે કારાગ્રહ અગર કાળું પાણી જાપાની મજુરોથી દેશ ઉભરાઇ ગયો. એ મજુરોને કોરીયાનો કાયદો લાગે નહિ, એટલે મજુરો ચોરી કરી શકે, કોરીયાવાસી પર ચાબુકો ચલાવી શકે, ને શોખ થઇ આવે તો ખૂન પણ કરી શકે.

કોરીયન શહેરોનાં નામ પણ બદલીને જાપાની નામ રાખવામાં આવ્યાં! લશ્કરી કાયદો ચાલ્યો; રેલ્વેની બન્ને બાજુની અપરંપાર જમીન પ્રજાની પાસેથી, ખરી કિમતના વીશમા ભાગની કિમતે ખંડી લેવામાં આવી. કારણ, લશ્કરી જરૂરીઆત!

લશ્કરી જરૂરીઆતને બ્હાને ઝુંટી લીધેલી આ જમીન ઉપર જાપાની દુકાનો ચણાઇ, જાપાની કારખાનાં ને જાપાની ઘરાં ખડાં થયા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ ૬ ઠું.

## દાનવને ચરણે રક્તની ભેટ.

૧૯૦૫ ના નવેમ્બરની એક પ્રભાતે જગવિખ્યાત જાપાની અધિકારી ઇટો કોરીયાને કાંઠે ઉતર્યો, અને તેણે રાજાના હાથમાં એક કાગળીઓ મૂકયો; મૂકીને કહ્યું કે "સહી કરો."

કાગળીયામાં શું હતું ?

નીચે પ્રમાણે નવા કરારો હતા:–

કોરીયાના પરદેશી સંબંધો જાપાની પરદેશ ખાતાને હસ્તક રહેશે, કોરીયાના એલચી તરીકે જાપાનીઓ પરદેશમાં નીમાશે; કોરીયામાં જાપાની રેસીડેન્ટો બંદરે બંદરે બેસી જશે; બેશરમ જાપાનની છેલ્લી કલમ એ હતી કે "કોરીયાના રાજ્યકુટુંબનું માન તેમજ સલામતી જાળવવા જાપાન ખોળાધરી આપે છે !"

રાજા તો તાજ્જુબજ બની ગયો. એણે જણાવ્યું કે "અમારી સ્વતંત્રતા રક્ષવાનાં આ તમારાં વચનો કે ?"

ઇટોએ ઉત્તર વાળ્યો કે "હું તો ચિઠ્ઠીનો ચાકર છું. કબુલ કરી લેશો તો પૂર્વની શાંતિ સચવાઇ રહેશે. જલદી જવાબ આપો."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

રાજા—" પ્રધાનો અને પ્રજાજનોની સંમતિ વિના મ્હા-રાથી કંઇ ન કહેવાય. "

ઇટો—" બે રાજ્યોની દોસ્તી તૂટવાનું જોખમ હોય ત્યાં એવાં બ્હાનાં ન ચાલે. "

રાજા—" મ્હારા દેશનો વિનાશ નહિ કરાવું, ઝેર ખાઇને મરીશ, પણ સહી નહિ કરૂં. "

પાંચ કલાકની માથાફોડ પાણીમાં ગઇ. ઇટોની આંખના ખુણા લાલચોળ થયા. એ આંખોમાં જાપાની બંદુકો ને તોપો દેખાણી. રાજા ડગ્યો નહિ.

ઇટો પહોંચ્યો પ્રધાનોની પાસે. પશ્ચિમની નિશાળે બરાબર ભણેલો એ અધિકારી સમજાવે છે કે "જુઓ ભાઇઓ, પીળા રંગની બે પ્રજાઓ જો દોસ્તીમાં જોડાય તો આપણે એશિયાને ગોરી પ્રજાના મ્હોમાંથી બચાવી શકશું. અમારે કાંઇ બીજો સ્વાર્થ નથી."

પ્રધાનોએ ડોકાં ધુણાવ્યાં ઇટો કહે કે "જાન લઇશ. માની જાઓ તો ખીસાં ભરી દઇશ.' પ્રધાનો અડગ રહ્યા.

ઇટોએ જાપાની લશ્કરને સાદ કર્યો. શેરીઓમાં તોપો મંડાણી. સરકારી અદાલતો ને રાજમહેલની ચોપાસ જાપાની સંગીનો ઝબુકી ઉઠયાં. રાજાને યાદ આવી ૧૮૯૫ ની પેલી ભયાનક રાત્રી, જે રાત્રીના અંધકારમાં જાપાને કોરીયાની બહાદુર



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

રાણીનું લોહી રેડેલું. રાજાનું તેમજ પ્રધાનોનાં કાળજાં ફફડી ઉઠયાં.

જાપાની તોપો બંદુકોથી ઘેરાયેલા એ મહેલની અંદર રાત્રીએ પ્રધાન મંડળ મળ્યું. જાપાની તલવારોના ખણખણાટ પ્રધાનોના બેઠકમાં સંભળાતા હતા. ત્યાં તો જાપાની સેનાપતિની સાથે ઇટો આવી પહોંચ્યો. એણે રાજાજીની સાથે એકાંત મુલાકાતની માગણી કરી. જવાબ મળ્યો કે "નહિ બને."

પ્રધાન મંડળની સાથે ઇટોને રકાઝક ચાલી. કોપ કરીને જાપાની હાકેમ બોલ્યો કે "કબૂલ કરીને ખીસાં ભરી લ્યો, નહિ તો ના પાડીને ડોકાં નમાવો."

જાપાની સેનાપતિએ તલવાર ખેંચી. કોરીયાનો બહાદુર મુખ્ય પ્રધાન બોલ્યો કે "સુખેથી, હિમ્મત હોય તો માથાં ઉડાવી દયો."

"જોવું છે ?" એમ બોલીને સેનાપતિ વડા પ્રધાનનો હાથ ઝાલી, બીજા ખંડમાં ઘસડી ગયો.

બાકીના પ્રધાનોના મનમાં થયું કે આપણાં માથાં ઉડવાનો પણ હમણાંજ વારો આવી પહોંચશે. આપણી વારે ધાવા કોઇ પરદેશી પ્રતિનિધિ નથી આવ્યો. કોઇ આવવાનું પણ નથી. મરવાથી કાંઇ વળવાનું નથી. એમ સમજીને આખી રાતની એ રકાઝકને અંતે પ્રધાનોએ કરારનામા પર સહી કરી. અડગ રહ્યા બે જણા—એક રાજા અને બીજો મુખ્ય પ્રધાન.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

કોરીઆની અંદર આંગણે આંગણે આક્રંદ ચાલ્યું. ઇજ્જતદાર પ્રજાજનો, મોટા અમલદારો, અને એક વખતનો યુદ્ધ ખાતાનો વૃદ્ધ સચીવ રાજા પાસે જઈને આજીજી કરવા લાગ્યા કે " કરારનામું રદ કરો. "

આંસુભરી આંખે રાજા કહે " મેં સહી નથી કરી. પણ એ રદ કરવાની તો મ્હારી તાકાત નથી. "

અરજદારો પાછા ગયા,ને ઘેર જઇ રાત્રીએ આપઘાત કરી મુવા.

રાજ મહેલને બારણે બેસી લાંઘણો ખેંચવી ને આખરે ઘેર જઇ જીવ કાઢી નાંખવો, એ કોરીયાવાસીઓનો સત્યાગ્રહ.

રાજા તો રઘવાયો બન્યો હતો. પારકાની દયા ઉપર જીવનારને બીજું શું સૂઝે ? એણે અમેરિકાના પ્રમુખ પાસે ૧૮૮૨ ની સંધિ યાદ દેવા એલચી મોકલ્યો. અમેરીકાધિપતિએ ઉત્તર દીધો, " હુ નહિ મળી શકું. "

એશિયાના હૈયામાંથી આ વાતો જુગ–જુગાન્તર સુધી નહિં ભૂંસાય. એક શરણાગત દેશની કથની સાંભળવા માટે અમેરિકાના હાકેમ પાસે પાંચ પળની પણ ફુરસદ નહોતી ! અને પેલો ૧૮૭૨ નો પુરાણો કોલ ! " હા, હા, " અમેરિકાના હાકેમે પાછળથી ઉચ્ચારેલું, " સંધિ મુજબ તો કોરીઆની સ્વતંત્રતા રક્ષવી જોઇએ પરંતુ, શું એટલી પણ અક્કલ નથી કોરીયાને, કે પોતેજ લમણે હાથ દઇને બેસે ત્યાં પારકી પ્રજા આવીને શું કરી દેવાની હતી ? "



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

અમેરિકાએ ઇશ્વર-સાક્ષીએ આપેલો આ કોલ ! એશિયાના ગુલામોને કપાળે આવા પ્રહારો ન પડે તો બીજું શું ?

અને પરદુઃખ ભંજન ઇંગ્લાંડ કાં ન ધાયું ? રે ! એને તો ઘણીયે ગણતરીઓ કરવાની હતી, જર્મની સામે ટક્કર ઝીલવા માટે એને ઉત્તર સમુદ્રમાં કાફલો રાખવો હતો, પૂર્વની ભૂમિમાં પોતાનાં વેપાર વાણિજ્ય તેમજ મુલ્કો સુરક્ષિત રાખવાં હતાં, ને હિન્દુસ્થાન સામે ટાંપી બેઠેલા રૂશીઅન રીંછને આગળ વધતું અટકાવવું હતું ! શી રીતે ઈંગ્લાંડ પોતાના એ પરમ ઉપયોગી મિત્રને માઠું લગાડવા જાય ! ઇંગ્લાંડની આંગળી ઉંચી થવાની સાથે તો પેલા કાફલાને જાપાન દરીયાને તળીએ પહોંચાડી દે, વેપારનાં વ્હાણો પાછાં વાળે, અને પેલા રીંછને ભારતવર્ષની લીલી ભૂમિ ઉપર છૂટું મેલી દે. રે ! ઇંગ્લાંડે તો જાપાનને રાજી ખુશીથી લખી આપ્યું કે, "કોરીયાની અંદર, તમે રાજ્યદ્વારી, લશ્કરી અને આર્થિક હિત પ્રથમ દરજ્જે ધરાવો છો, એ અમારે મંજુર છે !"

૧૯૦૫ ના તહનામા ઉપર રાજાએ સહી કરી જ નહિ. પોતાના રાજમહેલમાં એ આજ કેદી બન્યો હતો. એના મનમાં ઉદ્‌ગાર ઉઠ્યો, " જરૂર, કોઇક પ્રજા તો મારી વારે ધાશે. શું કોઇ નહિ આવે ? "

૧૯૦૭ ની હેગ કોન્ફરન્સમાં એણે એલચી મોકલ્યો. એની વાત સાંભળવાની જ કોન્ફરન્સે ના પાડી !



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.
36/50

જાપાને પાદશાહને પદભ્રષ્ટ કર્યો. યુવરાજને પૂતળું બનાવી સિંહાસને બેસાડયો.

ધારાસભામાં સર્વોપરી સત્તાધારી જાપાની રેસીડન્ટ જનરલ. એને હાથે જ બધા અધિકારીઓની નીમણુક, અને કોઇપણ પરદેશીને સરકારમાં જગ્યા આપવાની મનાઇ !

ધીરે ધીરે મોટા હોદ્દા પરથી કોરીયાવાસીઓને ખસેડવામાં આવ્યા; તેને બદલે જાપાનીઓની ભરતી થઈ. પણ પશ્ચિમના કોઇ મુસાફરને પોતાનું ન્યાયીપણું બતાવવા ખાતર કેટલાંક કોરીયાનાં પૂતળાંને મોટી જગ્યા ઉપર રખાયેલાં, તો તે દરેકની ઉપર એકકેક જાપાની સલાહકાર નીમી દીધેલો. સલાહકારની સલાહ ઉથાપનારો કોરીયન અધિકારી બીજે દિવસેજ ઘેર બેસતો.

કોરીયાવાસીઓ માટે જુદાજ કાયદા બન્યા. આરોપીની ઉપર આરોપ સાબીત કરવો જોઇએ તેને બદલે આરોપીએ પોતાનું નિર્દોષપણું પુરવાર કરવું પડે એવા ધારા થયા. જાપાની ભાષા રાજભાષા બની. વારંટ વિના કેદ કરવાની પોલીસને સત્તા મળી. આરોપી બચાવના સાક્ષી આપે તે સ્વીકારવાની મુખત્યારી ન્યાયાધિકારીની રહી. ન્યાયાધિકારી કોણ? લોહીનો તરસ્યો જાપાની.

| | કુલ તહોમતદારો, | વિના કામ ચાલ્યે સજા પામેલા. |
|---|---|---|
| ૧૯૧૩ | ૩૬,૯૫૩ | ૨૧,૪૮૩ |
| ૧૯૧૪ | ૪૮,૭૬૩ | ૩૨,૩૩૩ |



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

| | | |
|---|---|---|
| ૧૯૧૫ | ૫૯,૪૩૬ | ૪૧,૨૩૬ |
| ૧૯૧૬ | ૮૧,૧૩૯ | ૫૬,૦૧૩ |

નિર્દોષ ઠરેલા.

| | |
|---|---|
| ૧૯૧૩ | ૮૦૦ |
| ૧૯૧૪ | ૯૩ |
| ૧૯૧૫ | ૪૭ |
| ૧૯૧૬ | ૧૨૬ |

આંકડાઓ પોતાની મેળે જ બોલશે કે જાપાને બે કરોડ કોરીયાવાસીને કેવી કુશળતાથી ઠેકાણે આણ્યા ! બે કરોડ કંગાળ પ્રજાજનોના ગળામાં સત્તર હજાર અમલદારોનું લોખંડી ચોગઠું આજે લટકી રહ્યું છે.

જુલમ ન સહેવાય ત્યારે અજ્ઞાન પ્રજાજન શું કરે? ને શું ન કરે ? એને જીવવું અસહ્ય લાગે. જાલીમોના લોહીને માટે એનો પ્રાણ પોકારી ઉઠે. એક નાદાન પ્રજાજનના અંતઃકરણમાં પોતાની માતાને માટે વેદનાની જ્વાળા બળે ત્યારે એ અજ્ઞાન જીવ બીજું શું કરે ? ૧૯૦૯ની સાલમાં રેસીડન્ટ જનરલ કુમાર ઈટોનું એક કોરીયાવાસીએ ખૂન કર્યું. જાપાની જુલ્મને જાગૃત કરવા આ એકજ માણસનો અપરાધ બસ હતો. લશ્કર છુટયું, ધરપકડ ચાલી, અખબારો જપ્ત થયાં, અને આખરે ચાર હજાર વરસનો પુરાતન એક સ્વતંત્ર દેશ જાપાનનો એક પ્રાંત બની ગયો. ચાલીસ સૈકાનો ઇતિહાસ એક પળમાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ભૂંસાઇ ગયો. કોઇ વિકાળ જાદુગરની છડી અડકતાં, કોરી-યાની સૂરત એવી તો પલટી ગઈ કે પોતે પોતાને જ ન પિછાને !

પ્રજાજનો કહે, "કોરીયા માતા તો મરી ગઇ. આપણે જીવીને શું કરવું છે ?" એક પછી એક પ્રજાજન આપઘાત કરી મરવા લાગ્યા. જાપાની દાનવને દેવાલયે માતા કોરીયાએ એકવાર શિલ્પ, સંસ્કૃતિ, સાહિત્ય તેમજ ધર્મનાં પુષ્પો વેર્યાં હતાં. દાનવે ગર્જના કરી કે હવે હું ફુલોનો ભોગી નથી રહ્યો. હે નારી ! મારે રકત જોઇએ–સંપત્તિ જોઇએ. આજ કોરીયાએ એ અસૂરને ચરણે પોતાનાં સંતાનોનાં શબનો ગંજ ખડકી દીધો છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ સાતમું.

## છુપાં શસ્ત્રો.

તલવારનું રાજ્ય કેવું ? ચાલો, થોડીક વીગતો તપાસીએ.

૧૯૧૬–૧૯૧૭ ની અંદર, સરકારી આંકડાં પ્રમાણે ૮૨,૧૨૧ કોરીયાવાસીઓને લશ્કરી અધિકારીએ, કામ ચલાવ્યા વગર જ પરબારી સજા ઠોકી દીધી. ફક્ત છોકરાઓ, અને તંદુરસ્ત શરીરવાળા મરદોનેજ નહિ, પણ સ્ત્રીઓને અને વૃદ્ધોને પણ ફટકા લગાવેલા. રમખાણોમાં ઘાયલ થયેલા કોરીયાવાસીઓ શીઉલ–નગરની ઇસ્પીતાલોમાં સૂતા હતા. જાલીમો ફટકા મારવા આવ્યા. દાક્તરો ને આયાઓ ના પાડતા રહ્યાં, અને ફટકાનો માર એ જખ્મી શરીરો ઉપર પડયો. તહોમતદારો પાસેથી બાતમી મેળવવા માટે કેવી કેવી કળાઓ વપરાતી ? પુરૂષોનાં અને બચ્ચાંનાં બાવડાં બાંધી ઉંચે ટીંગાડવામાં આવતાં, અને છેક બેશુદ્ધ બની જાય ત્યાં- સુધી, એ બાંધેલી દોરી ખેંચાતી ને ઢીલી થતી ધગાવેલા સળીયા ઉપર એની આંગળીઓ ચાંપવામાં આવતી. એના



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

શરીરના માંસમાં ધગધગતા ખીલા ઘોંચાતા. આંગળીના નખને ચીમટાથી ખેંચી કાઢવામાં આવતા.

વરસે વરસે ૭૫ હજાર કોરીયાવાસીઓ ઘરબાર છોડીને મંચુરીયા તરફ ચાલી નીકળવા લાગ્યાં. રસ્તે ભૂખમરો, કડકડતી ઠંડી, અને મૃત્યુ રાહ જોઇ રહ્યાં હતાં. પણ જાપાની જુલ્મની અંદર રહેલું અપમાન આ માર્ગના મૃત્યુમાં નહોતું.

દેશ છોડીને ચાલી જનારી નારીઓનાં અંગ ઉપર નગ્નતા ઢાંકવા જેટલાં પણ વસ્ત્રો નહોતાં. પીઠ ઉપર એનાં નાનાં બચ્ચાં બાંધેલાં હતાં, તેથી એક બીજાના શરીરની હુંફ મેળવીને તેઓ ચાલતાં. બાળકોનાં નાજૂક આંગળાં ઠંડીમાં એક બીજા સાથે ચોંટી જતાં. વૃદ્ધ સ્ત્રી પુરૂષો, વાંકી કેડ કરીને ગાઉના ગાઉ સુધી ચાલ્યા જતાં. આખરે એ જર્જરિત શરીર થાકી જાય, આગળ ચાલી ન શકે, અને માર્ગમાંજ પ્રાણ છોડે.

દેશના ઉકળેલ લોહીના કેટલાએ યુવાનોએ 'ધર્મ સેના' નામનું એક લશ્કર ખડું કર્યું. આ લશ્કર જાપાનીઓ ઉપર અચાનક હલ્લો કરે, જાનમાલની ખુવારી કરે, ને પાછું પહાડોમાં છુપાઇ જાય. જાપાનીઓએ વેરની વસુલાત નિર્દોષ લોકો ઉપર વાળી. ગામડાં બાળ્યાં, લોકોપર ગોળીબાર ચલાવ્યો, ને સ્ત્રીઓની લાજ લૂંટી. આ કતલની અંદર ખ્રીસ્તીઓનો પણ ભોગ લેવાયો. કતલનાં ચિત્રો કાંઈ બહુ વિવિધ નથી હોતાં. કારાગ્રહ, કોયડાનો માર, સ્ત્રીઓપર અત્યાચાર, ગોળી-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

:, અને આગ–આ બધાં સુધરેલી પ્રજાના હાથમાં, રાજદ્રોહને ચાંપી દેવાનાં હથીઆરો. એનાં એ હથીઆરો ઘણી ઘણી રીતે વાપરી શકાય. જેવો વાપરનારો ! જાપાને એ તાલીમ પ્રથમ તો યુરોપની પાસેથી લીધી. પછી એણે પોતાની બુદ્ધિ અજમાવીને એ વિદ્યાને ખુબ કેળવી. કોરીયાનો ધ્વંસ એજ એનું પ્રમાણપત્ર !

ફરી એક વાર કોરીયાની નાડીમાં પ્રાણ આવ્યા. જગત આખાને સ્વતંત્રતા આપવા નીકળી પડેલા પેલા અમેરિકાના હાકેમ વિલ્સન કોને યાદ નથી? એના પ્રજાસંઘમાં ન્હાની પ્રજાઓને પણ ખુરશી મળવાની ખૂબ વાતો વિલ્સન સાહેબે કરી નાખેલી. કોરીયાએ તો આશાતુર હૃદયે પોતાની હકીકત પારીસ કોન્ફરન્સમાં રજુ કરવા નક્કી કર્યું. કોરીયાની અંદરથી તો જાપાન કોઇને જવા જ શાનું આપે? અમેરિકાની અંદરથી ત્રણ કોરીયાવાસીઓનાં નામ નક્કી થયાં. અમેરિકા કહે કે પાસપોર્ટ જ નહિ મળે !

ત્રણમાંનો એક ગમે તેમ કરીને પારીસ પહોંચ્યો. મિત્ર રાજ્યોના હાકેમો કહે કે "નહિ મળી શકીએ !"

હવે તો કોરીયાએ પારકી આશા છોડી. આખા દેશ ઉપર કેસરીયાં કરવાની વાતો ચાલી. ચતુર આગેવાનો ચેત્યા. માતા કોરીયાને નામે, એણે આણ ફેલાવી કે—

જે કાંઈ કરો તેમાં જાપાનીને અપમાન દેશો નહિ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પત્થર ફેંકશો નહિ.

મુક્કાઓ મારશો નહિ.

કારણ, એ તો જંગલી પ્રજાનાં કામ છે.

જાપાન તો તાજ્જુબ બનીને જોતું રહ્યું કે આ બહાદૂર પ્રજાનો પ્રાંણ તલવારથી નથી જવાનો. તલવાર ચલાવીને દુશ્મન ચાહે તેટલું લોહી ચૂસી શકે, વસ્તીની ગણતરીના આંકડા ઓછા કરી શકે; પણ એ લોહીના ઉંડાણમાં, ને એ આંકડાઓથી છેક અગમ્ય, પ્રજાને એક એવો પ્રાણ હોય છે કે જેને જાલીમનાં શસ્ત્રો સ્પર્શી જ ન શકે. એ પ્રાણ તે પ્રજાની સંસ્કૃતિ, પ્રજાનું ચારિત્ર્ય. જાપાને કોરીયાની એ સંસ્કૃતિને ભ્રષ્ટ કરવાનું ને એ નીતિનો ધ્વંસ કરવાનું કામ આરંભ્યું.

પહેલું પગલું—કોરીયાના ઇતિહાસનાં તમામ પુસ્તકો ને જીવન-કથાઓ નિશાળોમાંથી, પુસ્તકાલયોમાંથી અને ખાનગી માણસોને ઘેરથી એકઠાં કરાવી બાળી નખાવ્યાં. મહામૂલું પુરાતન સાહિત્ય પલવારમાં તો બળીને ભસ્મ બન્યું. વર્તમાન પત્રો, પછી તે રાજ્યદ્રોહી હો કે વિજ્ઞાનને લગતાં, તદન બંધ થયાં. છાપાને લગતા એવા કાયદા ઘડયા કે વર્તમાનપત્ર કાઢવુંજ અશક્ય હતું. નીચે લખેલા પ્રસંગો ઉપર અટ્ટહાસ કરવું કે આંસુ પાડવાં એ સમજાતું નથી.

કોરીયાનાં બાલકો માટે અંગ્રેજી ભાષામાંથી એક હાથીની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વાર્તા કોરીયાની ભાષામાં ઉતારવામાં આવી. છાપાના અધિકારીએ એ વાર્તાને જપ્ત કરી. શા માટે ? વાર્તાની અંદરનો હાથી પોતાના નવા માલીકને કબ્જે થવા નાખુશ હતો, એ વાતને રાજ્યદ્વારી અર્થમાં ઘટાવી બાલકો એવું શીખી બેસે કે પોતાના નવા માલીક જાપાનને તાબે ન રહેવું. !

એક ધાર્મિક વર્તમાનપત્રે 'વસંત' ઉપર કાવ્ય છાપ્યું. એ કાવ્ય સત્તાએ દાબી દીધું. કારણ, એમાં 'નૂતન વર્ષનો પુનર્જન્મ' એ મિસાલનો ઉલ્લેખ, કોરીયાવાસીના મનમાં કદાચ "પ્રજાનો પુનર્-ઉદય" એવો અર્થ સૂચવી, સરકાર સામે પ્રજાને ઉશ્કેરી મૂકે !

કોલેજની એક કુમારિકાએ 'સ્વતંત્રતા' ઉપર એક ગીત જોડયું, તે બદલ તેને બે વરસની સજા પડી ! વર્તમાનપત્રનો ધ્વંસ થઇ ચુકયો.

બીજું પગલું–સભા સમિતિઓ ગેરકાયદેસર જાહેર થયાં લોકોને મ્હોંયે પણ ડુચા દેવાયા. રાજ્યદ્વારી વિષયમાં પડવું એ કોરીયાવાસીઓને માટે મહાભયંકર ગુન્હો ગણાયો.

ત્રીજું પગલું–કોરીયા સ્વતંત્ર હતું ત્યારે એને ગામડે ગામડે લોકો શાળાઓ ચલાવતા. વિદ્વત્તા મેળવી મશહુર થવાનો પ્રત્યેક બાલકનો મહામનોરથ હતો. જાપાને આવીને એવા કાયદા કર્યા કે ખાનગી નિશાળો મરણને શરણ થઇ. મહાન્ વિદ્યાલયો જાપાને વીંખી નાખ્યાં. કેળવણી આપવા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

માટે કોરીયાની ભાષા કાઢીને જાપાની ભાષા દાખલ કરી. નિશાળોમાં શિક્ષકો જાપાની નીમાયા. જાપાની શિક્ષક ન સ્વીકારનાર શાળાનાં બારણાં બીજા દિવસથી બંધ થઇ જાય. પાઠ્ય–પુસ્તકો જાપાની સરકારની પસંદગીનાંજ ચલાવાય. યુરોપ કે અમેરિકાનો રે, ખુદ પોતાની માતા કોરીયાનો ઇતિહાસ બાલકોને કાને નજ પડી શકે. જાપાનનોજ ઇતિહાસ શીખવાય. એ ઇતિહાસમાં એવી વાતો ઘુસાડવામાં આવી છે કે જાણે જાપાનેજ કોરીયાને જંગલી હાલતમાંથી છોડાવ્યું, જાણે કોરીયાનો ઇતિહાસ ફક્ત બે હજાર વરસોનોજ જુનો છે, અને જાપાનના છત્ર નીચેજ કોરીયા ફુલ્યું ફાલ્યું છે, અને છેલ્લી વાત—કોરીયા પોતાની ઇચ્છાએજ, પોતાની સલામતી ખાતરજ જાપાનને આધીન બન્યું છે ! જાપાનનાં પૂજારીઓ પેદા કરવાનાં આ કારખાનાંની અંદર એકેય સાધનની ઉણપ નથી. રે ! જાપાની શિક્ષકો કમ્મર પર તલવાર બાંધીને શાળામાં શીખવી રહ્યા છે. આઠ નવ વરસની ઉમરનાં બાલકો આગળ એ ગુરૂદેવોની તલવારોના ખણખણાટ કેવી શોભા, કેવો પ્રતાપ, કેવો ભય ઉપજાવી રહ્યાં હશે !

પણ વીરાંગનાનાં સંતાનો એટલેથી યે વશ ન થાય. પોતાની માતાનું હૃદય વાંચવાની ભાષાનેજ શત્રુઓ ભૂંસી નાખે એ વાત બાલકોથી શે સંખાય ? કોરીયાનાં સંતાનો છાનાં છાનાં પોતાની માતાને મળે છે. નિશાળમાંથી છુટયા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

બાદ ચાર ચાર બાલકોની મંડળી એકઠી મળીને કોરીયાની ભાષા શીખે છે, અને માતૃભૂમિનાં છિન્ન ભિન્ન સ્મરણોમાંથી ચાર હજાર વરસોનો જુનો ઈતિહાસ ઉકેલે છે. અમર રહેવા સરજાયેલું એમ સ્હેલાઇથી શી રીતે મરે ?

ચોથું પગલું—શિક્ષણને પલટી નાખવાથી તો માત્ર મગજ ડોળાય. પણ જાપાનનો અભિલાષ તો કોરીયાના આત્માનેજ જલદી કલુષિત કરી નાખવાના હતો. જાપાન ચારિત્ર કે પવિત્રતા સરખી ચીજને જરીયે ઓળખતું નથી. જૂના કાળમાં, પોતાનાં માવતરની ગરીબી ટાળવા જુવાન દીકરી પોતાનું શિયળ વેચે, એ તો જાપાનમાં મહાપવિત્ર કાર્ય ગણાતું. અત્યારે પણ જાપાની અમલદારો, પ્રધાનો, ને શિક્ષકો છચોક વેશ્યાઓને ઘેર જાય, વ્યભિચાર સેવે, રખાતો રાખે. એક શાળાના અધ્યાપકે તો ખુલ્લેખુલ્લું કહેલું કે મ્હારા શિક્ષકોને હું વેશ્યાગારોમાં જવા દઉં છું, વેશ્યાનાં બીલો મ્હારી પાસે પરબારાં આવે છે, તે હું શિક્ષકોના પગારમાંથી પરબારાંજ ચુકવું છું.

આમ જાપાને કોરીયામાં વેશ્યાઓનાં પૂર છોડી મૂક્યાં. દેશના પ્રત્યેક શહેરમાં પરવાનાવાળાં વેશ્યાગારો ખોલાયાં, શહેરના ઉત્તમ લત્તાઓમાં વેશ્યાઓને મકાનો અપાયાં, એટલે કુલીન પાડોશીઓ પોતાનાં ઘરબાર જાપાનીઓને નામની જ કિંમતે વેચી મારીને ચાલી નીકળ્યા. કોરીયાની કુમારિકાઓને જાપાની ગીધડાં ચૂંથવા લાગ્યાં. વેશ્યાઓની અક્કેક મંડળી લઈને જાપાની સોદાગરો ગામડે ગામડે ભટકવા લાગ્યા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

એક બંડખોર કોરીયન કુમારીએ અદાલતના ઓરડામાં ન્યાયાધિકારીને ખુલ્લેખુલ્લું કહેલું કે "તમે અમારી ખાનગી નિશાળો ઝુંટવી લીધી, અને તેને બદલે જાહેર વેશ્યાવાડા આપ્યા. શિક્ષકને પરવાનો મળતાં મહા મુશીબત પડે, પણ વેશ્યાને તો સ્હેલાઇથી પરવાનો મળે છે, મહારાજ!" આજ કોરીયાની પુણ્યભૂમિ પર વેશ્યાઓએ ભયંકર ગુપ્ત રોગો ફેલાવી દીધા છે.

**પાંચમું પગલું**—કોરીયા જ્યારે સ્વતંત્ર હતું ત્યારે કોરીયાની અંદર અફીણનો પગ નહોતો. અફીણ લઈ આવનારો પકડાય તો તેનું માથું ધડથી જુદું થતું. પણ જાપાનને હાથ ગયા પછી કોરીયાની અંદર અફીણના વેપારીઓ આવી પહોંચ્યા. ખુદ જાપાનમાં તો અફીણનો ઉપયોગ એક ભારે અપરાધ ગણાય છે, અફીણને કાઢવા ચાંપતા ઈલાજો લેવાય છે. એજ જાપાને ઇરાદાપૂર્વક કોરીયાની અંદર અફીણ પેસાડયું, રે! અફીણના ડોડવાનાં વિશાળ વાવેતર કરાવ્યાં. સુધરેલી પ્રજાની દૃષ્ટિએ હલકા ન પડવા ખાતર, કાયદો તો અફીણ નિષેધનોજ રાખવો પડયો છે, પણ બીજી બાજુ ખુદ જાપાની સરકારેજ ખેડુઓને બીયાં પૂરાં પાડેલાં છે.

અફીણનો ધંધો આબાદ કરવામાં જાપાનને બે ફાયદા. (૧) રાજ્યને કમાણી. (૨) રીતસરના વિષ-પ્રયોગ વડે એ વીર-પ્રજાનો ધીરે ધીરે પણ ખાત્રીબંધ વિનાશ.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

છઠ્ઠું પગલું—સ્ત્રી પુરૂષોને સાથે ન્હાવાનાં જળાશયો બંધાયાં. જાપાનીઓ એ જળાશયમાં નિર્લજ્જ બની ક્રીડા કરે. પણ શિયળ ને પવિત્રતાનું પૂજક કોરીયા એ પિશાચી ક્રીડાથી અળગું જ રહ્યું.

આવા પદ્ધતિસરના અધ:પતનમાંથી એક પરવશ અને પરાજીત પ્રજા ક્યાંસુધી ઉગરે ?



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

## પ્રકરણ ૮ મું.

### કેસરીયાં

એક વખતનું ચુપચાપ પાડોશી જાપાન આસ્તે આસ્તે કોરીયાનું સલાહકાર બન્યું. વળી ધીરે રહીને મુરબ્બી બની બેઠું. જોતજોતામાં તો મુરબ્બીશ્રીએ તોપો—તલવારો બતાવીને પોતાના આશ્રિતને પગ તળે ચાંપી દીધું. જગતને તો જાપાને એમ જ સમજાવ્યું કે આ બાપડી અજ્ઞાન પ્રજાને આબાદ કરવા, સંસ્કારી બનાવવા હું મહેનત લઉં છું.

આપણે જોયું કે એમ શાંતિથી, વિના બોલ્યે આ વીર-પ્રજા વશ નથી થઈ ગઈ. ૧૯૦૭ ના ઘા જાપાન કદી નહિ ભૂલે. એ વરસમાં કોરીયાની સેનાને વિખેરી નાખતી વેળા, વીશ હજાર જાપાની યોદ્ધાઓની સામે, કોરીયાના સૈનિકો ઝુઝયા હતા, અને એક પણ સૈનિક રહ્યો ત્યાંસુધી પીઠ બતાવી નહોતી. લડવાનાં પૂરાં શસ્ત્રો પણ નહોતાં. એ વીશ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

હજાર અમાનુષી જાપાનીઓને એકેએક સૈનિકે પોતાનું લોહી પીવરાવેલું.

એ ઝપાઝપી તો છેક ૧૯૨૦ ની સાલ સુધી ચાલેલી. એ ' ધર્મસેના ' ની વાત આપણે વાંચી ગયા. કોરીયાની ભુજાનો જાપાનને અચ્છો પરિચય થઈ ચુકયો હતો.

પણ કોરીયામાં એક ડાહ્યો વર્ગ મનન કરતો બેઠો હતો. એ શાણા પ્રજાજનો સમજતા હતા કે શસ્ત્રહીન કોરીયા જાપાનની તોપો–બંદુકો સામે ન ટકી શકે. એની મુરાદ તો એ હતી કે જાપાની તોપો–બંદુકો ઉખેડી નાખતા પહેલાં, જાપાની સંસ્કૃતિનું વિષ દેશના કાળજામાંથી કાઢવું પડશે, કોરીયાની પુરાતન સંસ્કૃતિની જગતને પિછાન દેવી પડશે, દેશે દેશના હૈયામાં અનુકમ્પા જગાડવી પડશે.

આ ધૈર્યવાન પુરૂષોએ આત્મ–બળ સજવા માંડયું.

મહાયુદ્ધે જગતમાં કઇ પ્રજાને નથી જગાડી ? વરસેલ્સના માચડા પરથી છુટી નીકળેલા, અમેરિકન હાકેમના સ્વાધીનતાના સંદેશા કયા ગુલામને નથી પહોંચ્યા ? કોરીયાના મનોરથો પણ વીલ્સનનાં વાકયોએ જગાડયા. કોરીયા પોતાને ઇન્સાફ મળવાની આશાએ આતુર બનીને બેઠું.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

૧૯૧૮ માં દુનિયાએ હથિયાર હેઠાં મેલ્યાં, એટલે જાપાને કોરીયાની સમગ્ર પ્રજાની અંદર એક પત્રિકા ફેલાવી, અને તલવારની અણી બતાવી એ ઉપર સહી કરવા કહેવામાં આવ્યું. એ પત્રિકામાં શું હતું ? કોરીયાની પ્રજા તરફથી સુલેહની સભાને મોકલવાની એ એક અરજી હતી. કોરીયા તરફથી એમાં જણાવવાનું હતું કે "જાપાનની કૃપાળુ રાજસત્તાના અમે અહેશાનમંદ છીએ. અમે બન્ને મહાપ્રજાઓ અમારા નૃપતિ મીકાડોના છત્ર તળે એક બની ઉભાં છીએ. અમારે જુદી સ્વતંત્રતા નથી જોઇતી. અમને એ સિદ્ધાંત લાગુ પાડશો નહિ !"

સૈનિકોએ ખુલ્લી તલવારે આ અરજીખત ઉપર નામાંકિત પ્રજાજનોની સહી લીધી. પણ પેલા જરાગ્રસ્ત, જર્જરિત, અને આશાહીન રાજાએ કહ્યું કે "મારી નાખો, સહી કરીને મ્હારી પ્રજાને નહિ વેચી મારૂં" ૧૯૦૫ માં પોતે પોતાનો પ્રાણ પ્રજાને ખાતર ન આપી શકયો, એ વાત સંભારી સંભારીને રાજા રડતો હતો. એના મનમાં હતું કે "આજ તો એ મહાપાપનું પ્રાયશ્ચિત કરવા માટે પ્રાણનું બલિદાન આપી દઉં.!"



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

જાપાનીઓએ રાજાને ઝેર દઇ તેનો જીવ લીધો. અપમાનથી ખરડાયેલો અને ઝીંદગીને હારી ગએલો વૃદ્ધ રાજા મૃત્યુને તો જીતી ગયો. જનની કોરીયા ! એનું અને એની બહાદૂર રાણીનું તર્પણ શું એળે જશે ?

રાજાના મરણની બીજી પણ એક વાત ચાલી હતી. કોરીયાનું વ્યક્તિત્વ આંચકી લેવા ખાતર જાપાને પોતાની કુમારી કોરીયાના યુવરાજની સાથે પરણાવવાનું કહેણ મોકલ્યું. યુવરાજ તો આનંદથી નાચી ઉઠયો. બુઢ્ઢો રાજા વિચારે છે કે હું હમણાંજ મરી જાઉં તો કોરીયાના રીવાજ પ્રમાણે ત્રણ વરસ સુધી વિવાહ નહિ થાય. અને ત્રણ વરસમાં શું કોઇ નહિ જાગે ? એમ સમજીને એણે વિષપાન કરી પ્રાણ કાઢી નાખ્યા. એમાંથી ગમે તે વાત સાચી હોય, પણ રાજાનું મૃત્યુ તો ઉજ્જવળ બની ગયું.

રાજાજીના મરણના સમાચાર તો આગના ભડકાની માફક ચોમેર વિસ્તરી ચૂક્યા. ઝીંદગાનીની અંદર જે રાજા પ્રજાની પ્રીતિ ખોઇ બેઠો હતો તેના આવા પ્રાણ દાનથી પ્રજાનું અંતર પ્રેમમાં તરબોળ બની ગયું. જાપાની સરકારે તો રાજાના મૃત્યુની એના સરકારી છાપામાંયે નોંધ ન લીધી. શોકનો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

દિવસ પણ ન પાળ્યો, અને જાપાની રીત પ્રમાણે એનું દફન કરવાનું ઠરાવ્યું.

પ્રજા પૂછે છે, "અરેરે ! એનું મુડદું પણ અમને નહિ સોંપો ?"

જાપાની સત્તા કહે છે, "નગરના ગઢની બહાર કાઢયા પછી એ મુડદું તમને સોંપાશે."

જીવતા જીવનું અપમાન ઓછું સાલે; પણ મુડદાનું અપમાન કોઈ પ્રજા નથી સાંખી શકતી. મૃત્યુની પવિત્રતા, ને ભવ્યતા કયા માનવીને અંતરે વસેલી નથી હોતી ?

કોરીયાવાસીઓના દિલ પર બહુ આઘાત થયો. પ્રજાએ વિચાર્યું કે દફનને દિવસે કાંઇક નવાજૂની તો કરવી જોઈએ. એક સમુદાય બોલ્યો કે "હવે તો હદ થઇ. આવો, જાપાનના એકે એક આદમીને રેંસી નાખીએ. દેશમાં અકકેક જાપાનીનો જીવ લેવા સાઠ સાઠ દેશજનો જીવતા છે. એક વાર કતલ કરી નાખીએ. પછી ચાહે તે થાજો !"

પણ બીજો ડાહ્યો ને દયાવંત વર્ગ બોલ્યો, "આવી કતલથી તમે જગબત્રીશીએ ચડશો. જાપાન વધુ દારૂગોળો, ને વધુ નવા જુલ્મો લાવવાનું બ્યાજબી ઠરાવશે. આપણને જેર કરી નાખશે. આપણી આગળ હથિયાર કયાં ?"



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

સલાહ સ્વીકારાણી.

સ્વાધીનતાનું જાહેરનામું તૈયાર થયું. દેશના તેત્રીશ નાયકોએ એના ઉપર સહી કરી. એની નકલો ગામડે ગામડે ચુપચાપ પહોંચી, વંચાણી, ને મંજુર થઇ. દફનને દિવસેજ એ સંદેશો ગામેગામમાં પ્રગટ થવાનો હતો. ચુપાચુપ, બે કરોડ માણસોની અંદર આ તૈયારી થતી હતી. બે કરોડમાંથી એક બાલક પણ આ વાતથી અજાણ્યું નહોતું. છતાં આખા દેશમાં અદ્‌ભૂત શાંતિ ! જાપાની કાગડો પણ ન જાણે કે શું થઈ રહ્યું છે.

જાપાનીઓને જરાક ગંધ આવી કે દફનને દિવસે કાંઇક થવાનું છે. દફનને દિવસે સભા ભરવાની જ મનાઇ થઇ. પ્રજાના આગેવાનોએ સોમવારને બદલે શનિવાર ઠરાવ્યો. જાપાની કૂતરૂં પણ આ વાત જાણી ન શકયું. યશસ્વી શનિવાર આવી પહોંચ્યો. પેલા તેત્રીશ મરણીયા સરદારોમાંથી બે તો બહારની દુનિયાને ખબર પહોંચાડવા શાંગાઈ પહોંચેલા. બાકીના ત્રીશ બહાદુરો એક નામાંકિત હોટેલમાં છેલ્લી વારને માટે ભેળા બેસી ખાણું ખાવા મળ્યા, ને મુખ્ય જાપાની અધિકારીઓને પણ ભોજન લેવા નોતર્યા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાનીઓ એમ જ મલકાઇ ગયા કે આખરે કોરીયા-વાસીનો ગર્વ ગળ્યો ખરો–આખરે તેઓ ઠેકાણે આવ્યા ખરા. રાત્રીના બારના સમયની તૈયારી હતી. એક સુશોભિત ટેબલ પર પથરાએલ વિપુલ અન્નપાનની સામગ્રીને જાપાની અધિકારીઓ ન્યાય આપી રહ્યા છે, એટલામાં બારનો ટકોરો થયો. અને કોરીયનોનો અગ્રેસર અચળ શાંતિપૂર્વક વદન ઉપર મધુર હાસ્ય ફરકાવતો ઉભો થયો. એક કાગળ કાઢી તેમાંનું લખાણ વાંચવા તૈયારી કરી. આખું મંડળ સ્વસ્થ થઇ ગયું. સઘળે શાંતિ છવાઇ ગઇ.

'અમારી–મ્હેમાનોની સ્તુતિ–પ્રશંસા કરવાનો પણ કાર્યક્રમ રાખ્યો જણાય છે.' જાપાની અધિકારીઓ ખુશ થવા લાગ્યા, અને બોલનારના શબ્દો ઝીલવા શ્રવણઇંદ્રિયને સતેજ કરી.

અદ્‌ભૂત ગંભીરતાથી, અપૂર્વ સ્વસ્થતાપૂર્વક કોરીયન અગ્રેસરે ગર્જના કરી,

"આજે, આ સ્થળેથી, અમે કોરીયાનિવાસીઓ અમારી પ્રજાની સ્વાધીનતા જગત્‌ને જાહેર કરીએ છીએ."

સાત આકાશ જાણે સામટા તૂટી પડયા હોય, વિદ્યુત્‌નો કોઇ પ્રબળ પ્રહાર થયો હોય તેમ, જાપાની અધિકારીઓ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

સ્તબ્ધ થઇ ગયા, ગભરાઇ ગયા. આગળ શું થાય છે તે જોતાં બેસી રહ્યા.

કોરીયન અગ્રેસરે આગળ ચલાવ્યું,

"છેલ્લા પાંચ હજાર વર્ષના સ્વાધીનતાના અમારા ઇતિહાસના અનુભવબળે, અને અમારી બે કરોડ પ્રજાના સંપૂર્ણ સમર્થનથી આજે આ જાહેરાત અમે જગત્ સન્મુખ કરીએ છીએ. નવીન યુગની નવજાગૃતિને અનુરૂપ સ્વતંત્રતા અમારી સંતતિને બક્ષવા આ પગલું અમે લઇએ છીએ. સ્વાધીનતા એ કર્તાની કરણીનો ઉદ્દેશ છે, વર્તમાન યુગના આચાર્યોનો ઉપદેશ છે અને માનવજાતિનો અધિકાર છે. સ્વાધીનતા એવી વસ્તુ નથી કે જે દાબી દબાવી શકાય, ચગદી ચગદી શકાય કે ઝુંટવી ઝુંટાઇ શકાય.

હજારો વર્ષસુધી પ્રજાકીય સ્વાધીનતાનો ઉપભોગ કર્યા બાદ આજે જ્યારે જગત્ નવીન યુગમાં પ્રવેશ કરે છે ત્યારેજ પેલી જરીપૂરાણી જોહૂકમીના અને પશુબળ તેમજ લૂંટફાટની જવાળાના અમે શિકાર થઈ પડયા છીએ. છેલ્લા દશકાથી પરદેશી જૂલમની વેદનાથી અમે પીડાઇએ છીએ-જીવવાનો અમારો અધિકારજ જાણે ઝુંટવી લેવામાં આવ્યો છે; અમારા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વિચારસ્વાતંત્ર્ય ઉપર અંકુશ મૂકવામાં આવેલ છે અને પ્રજાકીય જીવનની અમારી પ્રતિષ્ઠાને લૂંટી લેવામાં આવેલ છે.

ભૂતકાળની ભૂલો સુધારવી હોય, અમારી વર્તમાન વેદના વિદારવી હોય, અમારા ઉપરના ભાવી જૂલ્મો જો જતા કરવા હોય, અમને વિચારસ્વાતંત્ર્ય બક્ષવું હોય, અમારા વ્યવહારમાં સ્વતંત્રતા સાચવવા દેવી હોય, અમને સહજ પણ પ્રગતિના માર્ગે પ્રયાણ કરવા દેવું હોય, દુઃખ અને નામોશીભર્યાં ગુલામીના વારસામાંથી અમારી સંતતિને મુક્ત કરવા દેવી હોય અને તેમને માટે સુખ અને સંતોષ મૂકી જવા દેવા હોય, તો એ સર્વ માટે એકજ વસ્તુ આવશ્યક છે—અમને સ્વાધીન રહેવા દો.

જે સમયે સત્ય અને ન્યાય માટે જગતનું જીગર તલપી રહ્યું છે, ત્યારે અમારામાંનો દરેક પોતાનું અંતર મજબૂત કરે તો બે કરોડની પ્રજા શું શું ન કરી શકે? શા શા બંધનો ન તોડી શકે? શા શા મનોરથો સિદ્ધ ન કરી શકે?

જાપાને અમારા તરફ અઘટિત વર્તન ચલાવ્યું છે, અમારી સંસ્કૃતિને તેણે ધિક્કારી કાઢી છે, અથવા તો અમારા ઉપર તેણે જૂલ્મ કર્યો છે, તે સંબંધી અમારે કશુંજ કહેવાનું નથી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જ્યાં અમારા પોતામાંજ દોષો ભરપૂર ભર્યાં હોય, ત્યાં પારકાના અવગુણ ગાવામાં અમારો કિમ્મતી સમય કાં વ્યર્થ વીતાવવો ? જ્યારે ભવિષ્યના કાર્યક્રમમાં અમારે મશગૂલ થવું ઘટે છે, ત્યારે ગઈગૂજરી શા અર્થે સંભારવી ? અમારા અંતરાત્માની આજ્ઞાનુસાર ભવિષ્યના તમામ અનર્થો દૂર કરી અમારો માર્ગ સાફ કરવો આજે અમને ઘટે છે. ભૂતકાળના દુ:ખો અથવા તો વૈરવિરોધના પ્રસંગો સ્મરણમાં લાવી અમારા અંતર્માં ક્રોધ કે કડવાશ ઉત્પન્ન કરવા અમે નથી માગતા. અમારૂં ગુરૂ કાર્ય તો આજે એજ છે કે પશુબળની પૂરાણી પ્રથાને વશ બનેલ, વિશ્વનિયમ અને ઔચિત્યબુદ્ધિથી વિરૂદ્ધ વર્તેલ જાપાનની સરકારને અમારે સમજાવી દેવું કે તેણે હવે સુધરવુંજ જોઈશે--સત્ય અને ન્યાયને માન આપવુંજ પડશે. અમારે તો જાપાની સરકારનું હ્રદય પીગળાવવું છે. આજ એ હૃદયની અંદર પશુબળની પુરાણી વૃત્તિ વસી રહી છે. અમારાં લોહી આપીને અમે એ રાક્ષસી હ્રદયને પલટાવીશું; પછી જાપાન નીતિ, ધર્મ અને સત્યને પંથે પળશે.

કોરીયાને તમે જાપાન સાથે જોડી દેશો તેનું શું પરિણામ ? તમારી અને અમારી પ્રજાનાં હ્રદયો વચ્ચે તો ઝેર-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વેરની ખાઇઓ ખોદાતી જશે, પ્રતિદિવસ ઉંડી ને ઉંડી ખોદાતી જશે. બ્હેતર રસ્તો તો એ છે કે સાચી હિંમત વાપરી પાક દાનતથી તમારાં પુરાણાં પાપોનું નિવારણ કરો, મહોબત અને મિત્રતા આદરો, કે જેને પરિણામે નવો યુગ મંડાશે, અને બન્ને પ્રજાઓને સરખું સુખ મળશે.

કોરીયાની સ્વાધીનતા અમને જ માત્ર જીવન આપશે એમ નથી. એ સ્વાધીનતા તમને પણ પાપના માર્ગ પરથી ઉગારી લેવાની, એશિયાના સંરક્ષકની પ્રતાપી પદવીએ તમને સ્થાપવાની-પરિણામે ચીન પણ તમારાથી ત્રાસતું બચશે. તમારા પરના દુર્બળ કોઇ ગુસ્સાની અંદરથી આ વિચારો નથી પ્રગટતા, પણ વિશ્વકલ્યાણ અને વિશ્વપ્રેમની મહાન્ મુરાદોની અંદરથી ઉઠી રહ્યા છે.

અમારી દૃષ્ટિ સન્મુખ આજે નવીન યુગ ઉભો થયો છે. પશુબળનો યુગ તો હવે ભૂતકાળના ઇતિહાસની વાત થઇ ગઇ. જૂના જગત્‌ના દુઃખભર્યાં અનુભવે આપણને નવું જ્ઞાન અને નવો પ્રકાશ આપ્યા છે. સર્વને સર્વનું સુપ્રત કરી દેવાનો આ યુગ છે. આવા આ યુગના મધ્યાહ્‌નકાળે અમારી સ્વાધીનતા ખરી કરવા આજે અમે મેદાને પડીએ છીએ. અમે હવે વિશેષ



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વિલંબ કરતા નથી. કોઇપણ હવે અમને ડરાવી કે દબડાવી શકશે નહિ.

જૂની દુનિયાના અંધકારભર્યા આવાસોમાંથી હવે અમે પ્રકાશને પંથે ચડયા છીએ. સત્યને અમારો સાથી બનાવીને, સ્વાશ્રયનો જ માત્ર આધાર રાખીને, સંપૂર્ણ નિશ્ચયબળથી, એકદિલે અને એકચિત્તે અમારો અર્થ સાધવા આજે અમે બહાર પડીએ છીએ. શિયાળાના બરફ અને ઝાકળથી ઠરી ગયેલી કુદરત સૂર્યદેવના આછા કિરણોથી અને વસંતઋતુની મધુર લહરીથી આજે જાગૃત થઇ છે. તે સાથે અમે પણ આજે જાગૃત થયા છીએ. અમારા પિતૃદેવો સ્વર્ગમાં રહ્યા રહ્યા અમને સહાય કરો ! જગતના સર્વ શુભ બળો અમારી કુમકે આવો ! અને અમારા નિશ્ચયના આ દિવસથી જ સ્વાધીનતાની પ્રાપ્તિ અમોને થઇ જાઓ ! એવી જ્વલંત આશા સાથે આજે અમે અમારૂં કાર્ય શરૂ કરીએ છીએ. "

જાપાની અધિકારીઓ હજી તો પોતાની વિસ્મય-નિદ્રામાંથી જાગૃત ન્હોતા થયા, ત્યાં તો ઢંઢેરો વાચનાર અગ્રેસરે શહેરના મુખ્ય પોલિસ અધિકારીને ટેલીફોન ઉપર બોલાવી તેમને સર્વને પકડી જવા આમંત્રણ કર્યું. તેને કહેવરાવ્યું કે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

' તમારા મહેમાન થવા અમે સજ્જ થઈ બેઠા છીએ–કેદીનું પાંજરૂં મોકલાવો ! '

પોલીસ મોટર આવી પહોંચી. ત્રીસ શૂરાઓ બંદીખાને ઘસડાયા. માર્ગમાં લોકોની મેદિની માતી નથી. વાવટાનું જાણે કોઇ જંગલ ખડું થયું. ત્રીસ શૂરાઓને કાને ડગલે ડગલે પ્રચંડ ધ્વનિ સંભળાય છે કે " અમર રહો મા કોરીયા ! "

ગામડે ગામડે લોકોએ કેસરીયાં કર્યાં છે, સ્વાધીનતાનો સંદેશ વંચાય છે, વાવટા ઉડે છે, અને ગર્જના ઉઠે છે કે " અમર રહો મા કોરીયા ! "

પ્રજા પાગલ નથી બની, ભાન નથી ભૂલી. તે સારી રીતે સમજે છે કે, બીજી પ્રભાતે એનાં પ્રત્યેકનાં માથાં ઉડવાનાં છે. પણ આજ તો ખોવાયેલી માતા મળી છે. જનેતાની છાતીમાંથી સ્વતંત્રતાના ધાવણની ધારાઓ છૂટી છે. આજ એ તરસ્યાં સંતાનો મોતનો ભય ભૂલ્યાં છે. પોલીસો કમર પરના પટ્ટા ફેંકી દે છે, બાલકો ને બાલિકાઓ નિશાળો ખાલી કરે છે, અને નિર્ભય નાદે ગરજી ઉઠે છે કે " અમર રહો મા ! અમર રહો મા ! અમર રહો માતા કોરીયા ! "

આવા નિર્ભય અને પ્રતાપવંત જાહેરનામાની નીચેજ ત્રણ કલમો ટાંકેલી.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

૧. સત્ય, ધર્મ અને જીવનને ખાતર, સમસ્ત પ્રજાના આદેશ અનુસાર, પ્રજાની સ્વતંત્રતાની ઈચ્છાને અમે જાહેર કરીએ છીએ. સાવધાન! કોઇને પણ કશું પીડન દેવાનું નથી.

૨. જે અમારો સાચો સાગરિત હશે તે તો સદાને માટે; પ્રત્યેક કલાકે અને પ્રત્યેક પળે, આનંદની સાથે અહિંસક બની રહેશે.

૩. આપણે કામ લેવાનું છે તે એવી તો સભ્યતાપૂર્વક ને વ્યવસ્થાપૂર્વક, કે આખર સુધી આપણું આચરણ નિર્મળ અને માનવંત બની રહે.

જગત આખું તાજ્જુબ બન્યું. પરદેશીઓને તો લાગ્યું કે ગગનમાંથી જાણે કોઈ વજ્ર પડ્યું. પરદેશીઓ જાણતા હતા કે જાપાની રાજસત્તાનો જાપતો કેવો ભયાનક હતો. કોરીયાના એકેએક આદમીનું નામ સરકારને ચોપડે નોંધાતું, દરેકને એક નંબર મળતો, અને પોલીસ આ નંબર જાણતી. પરગામ જતી વેળા પોલીસની પોથીમાં કોરીયાવાસીએ પોતાના કામ-કાજની વિગત લખાવવી પડે. પોલીસ એ બીજે ગામ તારથી તપાસ કરાવે કે એ વાત સાચી હતી કે ખોટી. નોંધાવ્યા મુજબ હકીકત ન નીકળે તો કોરીયાવાસીનું આવી બનતું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પ્રત્યેક માણસનું નામ અમુક વિભાગમાં નોંધાતું. કોરી-ચાવાસી જરા આગળ પડતો થાય કે એનું નામ [અ] વિભા-ગમાં ચડી ચૂક્યું હોય. પછી એની પછવાડે છૂપી પોલીસ ફરે. ન્હાસી જનારા માણસને તો પોલીસ પૂરો જ કરી નાંખે. ફરી એ ઘેર આવે નહિ.

આટલા સખ્ત ચોકીપહેરાની વચ્ચે, આવા ઘોર કાયદાની ઉઘાડી આંખ સામે, ને છુપી પોલીસથી ઘેરાયેલા આવા દેશની અંદર, આખરની ઘડી સુધી જાપાની કાગડો પણ એક મહાન્ કુચ્એશને જોઇ ન શકે, એ વાતની અજાયબી તો આખી દુનિયાના મનમાંથી હજુ મટી નથી.

ઘણા વરસોનો અબોલ બની ગએલો પેલો ચોન્ગો નગ-રનો પ્રાચીન ઘંટ રણકી ઉઠયો શીઉલ નગરને પાદરે ઉભેલો "સ્વાધીનતાનો દરવાજો" ફરી શણગારાયો અને નામસાનના શિખર પરની જ્વાળા સ્વાધીનતાનો સંદેશો ફેલાવતી ઝળ-હળી ઉઠી. ગલીએ ગલીએ, ને ઘેરે ઘેરે ગર્જના થાય છે કે "અમર રહો, માતા કોરીયા!" સ્ત્રી, પુરૂષ કે બાલકના હાથમાં એક જ ચીજ છે–કોરીયાનો વિજયધ્વજ.

બંદીખાનાંઓની અંદર બંદીવાનો બેઠા બેઠા શું કરે છે?—માતા કોરીયાના વાવટા તૈયાર કરી રહ્યા છે.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.


આખી ઝુંબેશને અદ્ભૂત બનાવી દેનાર તો લોકોની શાંતિ હતી. તોફાનનો એક ઇસારો પણ નહિ, મારપીટનો એક પણ કિસ્સો નહિ !

પહેલું જાહેરનામું કાઢનારા તેત્રીસ નેતાઓ ગિરફતાર થયા. નવાઓએ તેની જગ્યા પૂરી. તત્કાળ જાહેરનામું કાઢ્યું કે


"ધન્ય છે તમારી પ્રતાપભરી શાંતિને ! હે બંધુજનો ! એ શાંતિને બરાબર જાળવજો. મારપીટ કરનારો માણસ, માતા કોરીયાનો વેરી બનશે !"



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.



કોરીઅન હડતાળનો એક દેખાવઃ—
[illegible]ડ બજારોમાં જાપાની સેના પહેરો ભરે છે. [પા. ૬૫]



કોરીયાનો જયઘોષ કરનારને ઠાર કરવા ઉભેલી જાપાની સેના. [પા. ૬૫]

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

## પ્રકરણ ૯ મું.

## ભીષ્મ પ્રતિજ્ઞા.

સ્વાધીનતાની મદીરા તો શુરવીરોજ જીરવી જાણે. કોરીયાની પ્રજાએ એ પ્યાલો પીધો. પણ છકી ન ગઇ. બીજેજ દિવસે રવિવાર હતો. દેવળો ને મંદિરો માણસોથી ઉભરાઈ ગયાં. આખો દિવસ લોકોએ પોતાના માલીકની બંદગી કરવામાંજ ગુજાર્યો.

બીજી તરફથી જાપાની સરકારે બરાબર તક સાંધી. સોલ્જરોને બહાર કાઢયા. આજ્ઞા દીધી કે “ ટોળું દેખો ત્યાં છૂટથી લાકડી યા તલવાર ચલાવો: સ્વાધોનતાની ઝુંબેશમાં કોઈપણ આદમી ભળેલો જણાય તો એને પીટી નાખો. ”

સોલ્જરોનાં એ કૃત્યોની છબીઓ જગત ઉપર મોજુદ છે. અમેરિકાના ત્રણ માણસો સાક્ષી પૂરે છે કે સોલ્જરોએ ચુંથી નાખેલા એક કોરીયાવાસીની છબી જોયા પછી તે રાત્રે અમને નીંદ ન આવી.

જેમ કતલ ચાલતી ગઇ તેમ લોકોનો નિશ્ચય પણ વધતો ગયો. દુકાનો બંધ, નિશાળો બંધ, જ્યાં જુઓ ત્યાં મરદોનાં



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ઓરતોનાં, ને બાળકોનાં ટોળેટોળાં શાંતિથી ને હસતે મુખે મારપીટ ઝીલતાં હતાં.

બાલકોએ હડતાલ શી રીતે ઉઘાડી, ને જાપાની અધિકારીઓની ધમકીનો શો ઉત્તર વાળ્યો એ વાત તો લખાઇ ગઇ છે. એ ઈતિહાસનાં બધાં પ્રકરણો ભલે ભુંસાઇ જાઓ, પણ કોરીયન રમણીઓની વીર-કથાનો એક અક્ષરે વાંકો નહિ થાય. શરીર ઉપર કસકસીને શીવેલાં વસ્ત્રો સોલ્જરોને હાથે ચીરાઇ રહ્યાં હતાં, જાપાનીઓનાં ટોળાં એ વસ્ત્ર-હરણનો તમાશો થંડે કલેજે જોઈ રહ્યાં હતાં, નગ્ન રમણીઓ કેદખાને ઘસડાતી હતી,–એ બધાનો ચિતાર આપવા દ્રૌપદીને સેંકડો વાર જન્મવું પડે, અને જગતમાં મહાભારતો રચાયાજ કરે. એ સેંકડો વસ્ત્ર-હરણને સમયે કોઇ કૃષ્ણ ત્યાં હાજર નહોતો!

થોડી વિગતો તપાસીએ.

સ્વાધીનતાની ઝુમ્બેશમાં ભાગ લેનારી કોરીયન રમણીઓની શી શી વલે થતી? જાપાનીઓ બરાબર જાણતા હતા કે પોતાના શરીરનું એક અંગ પણ દેખાઇ જાય તો કોરીયન અબળાને મરવા જેવું થાય. ગિરફતાર થયેલી રમણીને પ્રથમ તો બંદીખાનાની અંદરજ, દારોગાઓની દૃષ્ટિ સમક્ષ, તદન નગ્ન કરવામાં આવે, ત્યારપછી એ નગ્ન શરીરે આખી અદાલત વીંધીને એને આરોપીના પાંજરામાં આવવું પડે. કુલિન ઘરની કુમારિકાઓની આ દશા થાય! જાપાની સિપાહીઓ એની હાંસી કરે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

કોઇ રમણીએ અતિ શરમને લીધે પોતાના બે હાથ વડે અંગની એબ ઢાંકી દીધી. સિપાહીએ આવીને એના હાથ પીઠ ઉપર બાંધી લીધા !

એક કુમારિકાએ કરેલી પોતાની વાત: માર્ચ મહિનાની પાંચમી તારીખે અમે થોડીએક બ્હેનપણીઓએ અમારી માતૃ-ભૂમિની સ્વતંત્રતાને ખાતર દક્ષિણ દરવાજે સરઘસ કાઢ્યું. મહેલની પાસે અમે પહોંચ્યાં ત્યાં તો એક જાપાની સિપાહીએ મારો ચોટલો પકડી, મને જમીન પર પટકી. મને એવો માર માર્યો કે હું બેહોશ બની ગઈ, મારો ચોટલો ઝાલીને મને એ ચાવડી ઉપર ખેંચી ગયો. ચાવડીને દરવાજે વીશ જાપાની સિપાહીઓ ઉભેલા તે બધાયે મને લાતો મારી, ને તલવારના ઘોદા માર્યા. મને એક ઓરડામાં ઘસડવામાં આવી. મ્હારા મ્હોંપર માર પડયો. હું બેહોશ બની ગઈ પછી શું બન્યું તેની મને ખબર નથી.

મને શુદ્ધિ આવી ત્યારે મેં જોયું તો મ્હારી ચોપાસ ખીચોખીચ માણસો પૂરાયેલાં. કેટલાએકની હાલત જોઈને મ્હારૂં હૈયું ફાટી ગયું. પછી અમારી તપાસણી ચાલી. અમલ-દારો મ્હારા મ્હોં પર થુંકતા જાય, મને મારતા જાય, અને સવાલો પૂછતા જાય

મને હુકમ મળ્યો કે "છાતી ખુલ્લી કર." મેં ના પાડી, એટલે સોલ્જરોએ મ્હારૂં વસ્ત્ર ચીરી નાખ્યું. આંખો મીંચીને



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

હું ભોંય પર ઢળી પડી. અમલદારોએ ગર્જના કરી, મને ઘુંટણ પર બેસવા કહ્યું, મ્હારાં સ્તન પકડીને મને ધણધણાવી.

મને કહેવામાં આવ્યું કે "સ્વતંત્રતા જોઇએ છે ? તલવારને એક ઝટકે ત્હારો જાન લેશું."

પાછી મને ચોટલો ખેંચીને હલમલાવી, મ્હારા માથા પર લાકડી મારી—પછી મને નીચે જવા કહ્યું. પણ ઉઠીને ચાલવાની મ્હારી તાકાત નહોતી. હું પેટ ઘસડતી ચાલી. મ્હારાથી ચલાયું નહિ. સીડીના પગથીયાં પરથી હું ગબડી પડી. ફરી હું બેહોશ બની.

હું જાગી ત્યારે મને બીજી ચોકી પર લઇ જવામાં આવી. ત્યાં મારા લુગડાં કઢાવી મને નગ્ન કરી. પછી લુગડાં પહેરીને હું ઓરડામાં ગઇ.

બીજે દિવસે દાક્તરે આવી મને નગ્ન બનાવી, મ્હારૂં વજન કર્યું. દારોગાએ મને કહ્યું કે તારા ઉપર કામ ચાલશે. હું રાજી થઇ. મેં માન્યું કે મ્હારી વાત કહી નાખવાની મને તક મળશે. પણ એક દિવસ મને છોડી મૂકી. મ્હારૂં કામ ચાલ્યું નહિ. મ્હારો શું ગુન્હો હતો તે પણ મને કહેવામાં આવ્યું નહિ."

આવી કથનીઓ તો અનેક લખાઈ ચૂકી છે. એક નમુનોજ બસ છે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

આ બધા જુલ્મોની કોરીયાવાસીઓ ઉપર શું અસર થઇ છે ? જેલમાં ગએલાં માણસો, મૃત્યુ સુધી લડત ચલાવવાનો ભીષણ નિશ્ચય કરીને બહાર આવ્યાં. માત્ર ગમ્મતને ખાતર સરઘસોમાં ગએલાં, ને જેલમાં પડેલાં બાલકો, જાપાનના કટ્ટા શત્રુઓ બનીને બહાર નીકળ્યાં.

આ બધા જુલ્મો કોઇ પુરાણા જંગલી જમાનામાં નથી થયા પણ ૧૯૧૯ના નવયુગમાં ! કોઇ છુપા, વિકાળ જંગલમાં નહિ, પણ જગતના ચોકમાં, સ્વતંત્રતાની સહાયે દોડતા પેલા અમેરિકાની આંખો સામે. કોઇ મનુષ્યાહારી, અજ્ઞાન, પશુવત ટોળાંને હાથે નહિ પણ વિદ્યાવિશારદ, કળાકુશલ, અને સુધરેલી દુનિયાની અંદર ઉંચી ખુરશીએ બેસનાર બૌદ્ધધર્મી જાપાનને હાથે ! અમેરિકાનું સ્નેહી એ જાપાન ! ઇંગ્લાંડનું દિલોજાન દોસ્ત એ જાપાન !

સરકારે પોતાની દમન–નીતિમાં ગરીબ શ્રીમંત વચ્ચેનો ભેદ રાખ્યોજ નહિ. વીશ વિદ્વાન પ્રજાજનો ગવર્નર–જનરલ પાસે અરજી લઇને ગયા. જવાબ મળ્યો કે, "જાઓ પોલીસના વડા પાસે." પોલીસના વડાએ એ મહેમાનોનાં મંડળનું યોગ્ય સન્માન કર્યું ! બધા ગિરફતાર બન્યા. વાઇકાઉન્ટ કીમ નામનો ૮૫ વરસનો એક વૃદ્ધ અમીર–દુર્બળ અને બિછાનાવશ--જાપાનીઓનો મિત્રજન–દોઢ વરસની સખ્ત મજુરીની સજા પામ્યો. આ અમીર એક વિદ્યાલયનો આચાર્ય હતો.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

આંકડાના શોખીનો માટે કતલના ને ગીરફ્તારીના આંકડા નીચે મુજબના છે.

૧૯૧૯ ના માર્ચથી જુન સુધીમાં કુલ ૧.૬૬,૧૮૩ જણાં જેલમાં ગયા, એ માસમાં ૨૦૦૦ સ્રીઓ, પુરૂષો ને બાળકોની હત્યા કરવામાં આવી, તોયે કોરીઆની ખામોશ અડગ હતી.

બુદ્ધિમાં પણ કોરીયાવાસીઓ ઓછા ઉતરે તેમ નહોતા. એક વર્તમાનપત્ર છુપું છુપું પ્રગટ થતું ને પ્રત્યેક ઘરમાં પહોંચતું. જાપાની પોલીસ એનો પત્તોજ ન મેળવી શકી.

રોજ સવાર પડે છે, ને ગવર્નર જનરલ પોતાના ટેબલ ઉપર નજર નાખતાંજ ચમકી ઉઠે છે! ટેબલ ઉપર શું હતું? બોમ્બ નહોતો, બંદુક ન હોતી, કોઇ ખૂનીની ચેતવણી ન હોતી. પણ બે છાપેલી નકલો, જેના ઉપર લખેલું, " સ્વાધીનતાના સમાચાર "!

પહેરેગીરોના બાંકડા ઉપર પ્રભાતે પ્રભાતે આ " સમાચાર " પડયું હોય, ને કેદખાનાની કોટડીએ કોટડીએ 'સમાચાર પહોંચી ગયું હોય!

આ વર્તમાનપત્ર કયાં છપાયું, કોણે મોકલ્યું, કોણ મેલી ગયું, એ કોઇ ન જાણે. સેંકડો માણસોને પકડી પકડીને બેસાડવામાં આવ્યા, પણ બીજે દિવસ થાય ત્યાં એનું એ 'સમાચાર' આવી પહોંચે!

કયાં છપાતું આ છાપું? છુપી કોઇ ગુફાઓમાં, મચ્છી-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

મારોની નૌકાઓમાં, અને કબરસ્તાનની અંદર ખડી કરેલી કૃત્રિમ કબરોની અંદર ! ગામડે ગામડે એ 'સમાચાર' ગુપ્ત-પણે પહોંચી જતું. જાપાનનું મશહુર પોલીસખાતું, કે જાસુસ ખાતું કહીયે એનો પત્તો મેળવી ન શકયું.

બધો કોલાહલ જાપાનમાં સંભળાણો. જાપાનની સરકાર પૂછે છે કે "મામલો શું છે ?" ગવર્નર સાહેબ કહે છે. "વધુ સૈન્ય ને વધુ કડક કાયદા આપો." વધુ સૈન્ય આવ્યું, વધુ કડક કાયદા આવ્યા.

કોરીઆ એ બધાનો શું ઉત્તર વાળે છે ? ૧૯૧૯ ના એપ્રીલની ૨૩ મી તારીખે, જાપાની તલવારોના વરસતા વરસાદની અંદર કોરીયાવાસીઓ નીકળી પડયા. કોરીઆના તેરે તેર પ્રાંતમાંથી પ્રજા–શાસનને માટે એક બંધારણ ઘડવા પ્રતિનિધિઓ ચુંટાયા. પેલો સીંગમાન–સરકારની ન્હાની સરખી ભૂલથી બચેલો કેદી–પ્રમુખ ચુંટાયો.

લોક–શાસનના નવા બંધારણમાં નીચેની કલમો મંજુર થઇ.

૧. સ્ત્રી પુરૂષના સમાન હક્ક.
૨. ધાર્મિક સ્વતંત્રતા, વાણીસ્વાતંત્ર્ય, લેખન પ્રકાશન સ્વાતંત્ર્ય, સત્તા સમીતિનું સ્વાતંત્ર્ય.
૩. દેહાંત દંડની શિક્ષા રદ.
૪. રાષ્ટ્રસંઘે ( League of Nations. ) કોરીયાને અપમાન દીધેલું છતાં પણ એના સભાસદ થવાની કોરીયાની ઈચ્છા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

૫. ફરજીયાત લશ્કરી નોકરી.

એ જાહેરનામાની અંદર જરા ડોકીયું કરીએ.

"અમે–કોરીયાની પ્રજા–અમારો ચાર હજાર વરસોનો ઈતિહાસ બોલી રહ્યો છે કે અમારે સ્વરાજ્ય હતું, સ્વતંત્ર એક રાજ્ય હતું, ને સહુથી નિરાળી, પ્રગતિશીલ એક સંસ્કૃતિ હતી. અમે શાંતિપ્રિય પ્રજા છીએ. દુનિયાની નૂતન જાગૃતિમાં અમારો હિસ્સો છે, માનવ જાતના વિકાસમાં અમારે ફાળો દેવાનો છે. જગદ્‌વિખ્યાત યશસ્વી એવો તો અમારો ભૂતકાળ છે, અને એવી નિર્મળ અમારી રાષ્ટ્રીય ભાવના છે કે કોઈ પિશાચી જુલ્મ પણ અમને જેર નહિ કરી શકે, કોઇ પરદેશી પ્રજા અમને પી નહિ જઇ શકે, અને જડવાદી જાપાન કે જેની સંસ્કૃતિ અમારાથી બે હજાર વરસો પછાત છે, તેને આધીન તો અમે શી રીતે થશું ?

જગત જાણે છે કે જાપાને ભૂતકાળમાં દીધેલા કોલ તોડયા છે, ને જગત પર જીવવાનો અમારો હક્ક પણ ઝુંટાવી રહેલ છે. પરંતુ અમે જાપાનના એ વીતી ગયેલા અન્યાયોની કે ભેળા થયેલા એના પાપના પુંજોની વાત નથી ઉચ્ચારવા માગતા. અમે તો માત્ર કોરીયાની સ્વાધીનતાનો દાવો કરીએ છીએ,—જગત પર જીવવા માટે, સ્વતંત્રતા ને સમાનતા વિસ્તારવા માટે, અમારી નીતિરીતિને આબાદ રાખવા માટે, પૂર્વમાં શાંતિ સાચવવા માટે, અને આખી દુનિયાનું કલ્યાણ



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

સાધવા માટે. અમારી સંસ્કૃતિને અમે રક્ષી રહ્યા હતા એ અમારો અપરાધ. એ અપરાધને કારણે જાપાન પોતાની લશ્કરી સત્તાનું પશુબળ અજમાવીને અમારા ઉપર દારૂણ અત્યાચાર વરસાવે—માનવ જાતનો જાગૃત પ્રાણ શું આ બધું થંડે કલેજે જોયા જ કરશે કે ? ન્યાયહીન આ અત્યાચારની નીચે ચગદાતાં ચગદાતાં પણ એ કરોડ મનુષ્યોની પ્રભુભક્તિ નહિ અટકવાની, જો જાપાન તોબાહ નહિ પોકારે, પોતાની નીતિ નહિ સુધારે, તો. પછી માતૃભૂમિની સ્વાધીનતા માટે અમે શસ્ત્રો ધરશું;—દેશમાં એક જીવ પણ રહેશે ત્યાં સુધી, ને સમયની પાસે એક છેલ્લી ઘડી હશે ત્યાં સુધી ન્યાયને પંથે અમે કૂચ કરશું, ત્યારે કયા દુશ્મનની મગદૂર છે કે અમોને રોકી શકશે ? સકળ જગતની સાક્ષીએ અમે રાષ્ટ્રીય સ્વાધીનતા પાછી માગીએ છીએ, જગતની સેવાને ખાતર અને પ્રભુભક્તિને ખાતર.

એ રાજ્ય બંધારણમાં નીમાયેલા પ્રધાનો બધા કોરીયાની જાહેરસેવા કરનારા જ શૂરવીરો હતા, પણ અફસોસ ! એ બધાને કોરીયાની ભૂમિપરથી જાકારો મળેલો હતો. જાપાનીઓ અટ્ટહાસ કરીને કહેવા લાગ્યા કે, " વાહરે, કાગળના ટુકડાનું રાજબંધારણ ! "

હાંસી કરનારા જાપાનીઓ શું વિસરી ગયા હતા કે, મહાયુદ્ધને વખતે બેલ્જીઅમની સરકાર બેલ્જીઅમમાં નહોતી,



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

પણ નિરાધાર બનીને દેશના બહાર ઉભી હતી ? શું વિસરી ગયા હતા જાપાનીઓ કે, ઝેકો સ્લોવાકીયાની રાષ્ટ્રીય મંડળીને ૧૯૧૮ માં તો પોતાના દેશમાં પગ મૂકવા જેટલી યે જમીન નહોતી, ને એમાં ચુંટાયેલા સભાસદો પરદેશમાં રઝળતા હતા ? છતાં લોકોએ તો એ રઝળતા શૂરાઓને રાજપદે સ્થાપેલા. આખરે એજ રઝળનારાઓએ આવીને રાજ્ય કબ્જે કર્યું, ને એ જ રાજબંધારણ કાગળ ઉપરથી ઉતરીને દેશની ભૂમિ ઉપર ગોઠવાયું.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

## પ્રકરણ ૧૦ મું.

### વેદનાની મીઠાશ.

અદાલતમાં મુકર્દમો ચાલે છે. અપરાધીના પાંજરામાં ઉભેલી એક કોરીયન બાલિકાને જાપાની ન્યાયાધીશ સવાલ પૂછેછે કે "સ્વતંત્રતા શું છે એ તું જાણે છે, તોફાની છોકરી ?"

"સ્વતંત્રતા !" એ ઉદ્‌ગાર કાઢતી બાલિકાની આંખો ઝળહળી ઉઠી, એની નજર એ અંધારી કચેરીની દિવાલો વીંધીને આઘે આઘે આસમાનમાં મંડાણી.

"સ્વતંત્રતા શું છે એમ તમે પૂછ્યું ? આહા ! સ્વતંત્રતા એ એક કેવો સુખમય ભાવ !"

એ કુમારિકા બીજું કશું યે ન સમજાવી શકી. નિર્જીવ કાયદાઓની વ્યાખ્યાઓ કરતો એ ન્યાયાધીશ પણ એ બાલિકાની તરફડતી જીભ તરફ, ને ઝળકતી ગગનસ્પર્શી આંખો તરફ નિહાળી રહ્યો, આજ જાણે આખી કોરીયાની સ્ત્રી જાતિ એક ન્હાની બાલિકાનું રૂપ ધરી સામે આવીને એ ન્યાયાધીશને, એના ન્યાયાસનને, જાપાની લશ્કરને, કે



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાની સરકારને પડકારતી હોય ને કે " મ્હારા શરીરને કાપી નાંખો, પણ તમારી એ તલવાર કે બંદૂકની ગોળી ત્યાં નહિ પહોંચે— ત્યાં, મ્હારા અંતરતમ પ્રાણમાં, જે પ્રાણ પળે પળે પોકારી ઉઠે છે કે " અમર રહો, મા કોરીયા ! "

સ્વાધીનતાના સંદેશને બીજેજ પ્રભાતે કોરીયા માતાએ પોતાની શેરીએ શેરીએ પોતાનાં લોહી લોહાણ, ચગદાયેલાં સંતાનો જોયાં, બંદીખાનામાંથી અત્યાચારની કરૂણ બૂમો સંભળાણી, પોતાની બેટીઓનાં પવિત્ર અંગો ઉઘાડાં થતાં ને ચીરાતાં જોયાં. માતાના એ ત્રીશ દેશનાયકોએ એક હાકલ કરી હોત તો ઘરેઘરમાંથી બે કરોડ બહાદુરો ડાંગો લઇને, અને પત્થર લઇને બહાર આવત, એકેએક જાપાનીને છૂંદી નાખત, સીઉલ શહેરનું એકેએક જાપાની ઘર સળગાવી મૂકત; પછીથી થનારી સજાનો વિચાર એને ડરાવત નહિ. કારણ કે, માતાનો નામોચ્ચાર કર્યાની જે સજા જાપાની કાયદા પાસે હતી તેનાથી તો બીજી એક પણ વધુ ભયંકર સજા ખુદ સેતાનના દરબારમાંયે ન સંભવે.

પરંતુ, ના ! માતાનો આદેશ હતો કે " કોઈને ન મારતા, કંઇ ભાંગફોડ ન કરતા, આપણો સિદ્ધાંત નિર્મળ રાખજો, આપણા પક્ષમાં ધર્મ છે. "

એ ધર્મને ખાતર,–નહિ કે હાથમાં શસ્ત્રો નહોતાં તે ખાતર–લોકોની મોખરે ઉભેલી મેદની જ્યાં જાપાની ઘોડે-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

સ્વારોનાં સંગીનોથી વીંધાઇ જાય, ત્યાં પાછળ બીજું ટોળું "મા, મા," કરતું છાતી ધરી ઉભું રહે. બીજું ટોળું કપાઇ જાય, એટલે ત્રીજું તૈયાર ખડું હોય.

પ્રભુની અદૃશ્ય ને શસ્ત્રહીન સેના જાણે ઝબકીને દેખાવા લાગે.

એક દયાળુ પરદેશીએ એક કોરીયન કુમારિકાને રસ્તામાં ચેતાવી, "સાવધાન, ઝુમ્બેશમાં ભળીશ ના. લશ્કર ચાલ્યું આવે છે." બાલિકાનું મ્હોં મલક્યું, પરદેશી સજ્જનનો આભાર માન્યો, ને "અમર રહો મા" પોકારતી ચાલી નીકળી.

કાળાં આછાં નેણુવાળી આ એશીયાની રમણીઓ! જેની આંખોમાં સ્વપ્ન છવાયાં છે, જેનાં અંગેઅંગમાં સૌંદર્ય ઉભરાય છે, જેનાં તરૂણ હૈયાંની અંદર જુવાનીના મીઠા મનોરથો હીંચે છે. લીલી કુંજોમાં કે સાગરને કિનારે બેસીને પ્રીતિ કરવાની ઉમ્મર આવે ત્યાં તો બંદીખાનાનાં બારણાં દેખાય, સોલ્જરોનાં સંગીનો ઝબુકે, દારોગાઓના ક્રૂર હાથ એ રમ્ય શરીરને નગ્ન કરવા ધસી આવે! પુરૂષ જાતને શું ખબર પડશે કે આ રમણીયોનાં બલિદાનનું કેટલું મૂલ! એ નારી-હૃદયનો હુતાશ કેવો ભડભડી રહ્યો હશે કોઇ નહિ-જગતમાં કોઇ નહિ જાણે.

અને બાલકોનાં મનમાં શું શું થતું હતું? છ વરસના એક બાલકે પોતાના બાપને કહ્યું, "બાપુ, તમને જેલમાં ઉપાડી જશે?"



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

" ઉપાડી ચે જાય " બાપે જવાબ દીધો.

" જો ઉપાડી જાયને, તો તમે સહી કરશો મા, હો બાપુ ! " બાલક જાણતો હતો કે કોઇ નિર્દોષ દેશબંધુની સામે કાવતરાં જગવવા જેલવાળા કંઇક કબૂલાત લખાવી લ્યે છે.

થોડા રોજમાંજ બાપ બંદીખાને ઘસડાયો, પણ આખરે છુટ્યો. જ્યારે એ ઘેર આવ્યો, ત્યારે બાલકે પહેલવહેલું શું પૂછ્યું ?

" બાપુ, તમે સહી નથી કરીને ? "

" ના બેટા. મેં ક્યાંય સહી નથી કરી. "

બાલક રાજી થયો.

પણ આ લડતમાં ખેડુ ક્યાં ઉભો હતો ? એની લાગણી બતાવનારૂં એક દૃષ્ટાંત : એક નિર્દોષ જુવાન ખેડુને જાપાની સૈનિકે બંદુકથી વીંધી નાખ્યો. ગામના લોકોએ મારનારને પકડ્યો, ને એનો પ્રાણ લેવાની તૈયારી હતી, ત્યાં તો એ જુવાનનો વૃદ્ધ કાકો દોડતો આવ્યો, આડા હાથ દીધા, ને બોલ્યો, " છોડી મેલો, એના પ્રાણ લઇને જગતમાં ગુન્હો કાં વધારો ? " ઘવાયેલા ખેડુને લઇ બધા ઇસ્પીતાલે આવ્યા, એ બધાને જાપાની સોલ્જરે ગોળીથી, ને સંગીનથી વીંધી નાખ્યા.

શહેરથી દૂર દૂર રહેનારો કોરીયન ખેડુ રાજ્યખટપટમાં ઉંડું કંઇ યે ન જાણે. એના માથામાં બીજી કશાયે વિદ્યા



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

નથી, સ્વતંત્રતાનાં સૂક્ષ્મ રહસ્યો એણે નથી સાંભળ્યાં. પ્રભુ બુદ્ધે શીખવેલાં પાંચજ જીવનસૂત્રો એ જાણે છે. પણ એના અંતરમાં ઝીણો ઝીણો એક અવાજ ઉઠેલો છે કે "મને વિચાર કરવાનો હક્ક છે, બોલવાનો હક્ક છે. રે! મને બંદગી કરવાનો હક્ક છે." આજ એણે જોયું કે એની બંદગીને જાપાની બંદુક અધવચ્ચેથી ઝડપી જાય છે. એ જાગ્યો. એણે જોયું કે "માતાનું નામ લઇશ તો નેવું ફટકા પામીશ, પાછો વળીને હળ પણ નહિ ઝાલી શકું." પણ એ તો ઉપડે છે, ને ગોળીની વૃષ્ટિમાં મલકાતે મુખે ન્હાઇને લોહીથી તરબોળ થાય છે.

અને ક્યાં ઉભો છે પેલો અમીરવર્ગ ? માતૃભૂમિનાં માનીતાં એ ધનુર્ધારી સંતાનોના લોહીમાં આજ કાંઇયે આતશ શું નથી ઉઠી ? એ વિચાર કરતાં તો યાદ આવે છે એક યશસ્વી નામ—ચી—સેંગ—જય. લોર્ડ કીચનરની સાથેજ એ જન્મેલો. પણ એની કમરે કદી તલવાર નથી લટકી. લાખો કોરીયા-વાસીઓ એની હાકલ સાંભળીને હાજર થાય. જાપાની સરકારનાં કાળજાં એ વીરનું નામ સાંભળી થરથરી ઉઠે છે.

જાપાની પોલીસે એક દિવસ એને ઘેર આવી પૂછ્યું, "આ તોફાનની પાછળ કોણ ઉભું છે તે કહેશો ?"

"મને એ પૂછવાનું શું પ્રયોજન ?"

"અમને લાગે છે કે તમને માલૂમ હશે."

"હા, મને માલૂમ છે. આ ઝુમ્બેશ ઉઠાવનાર મંડળીના પ્રમુખનું નામ પૂછોછો ને ?"



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

"હા."

"વારૂ ! એનું નામ તો હું ખુશીથી કહીશ. એનું નામ સર્વશક્તિમાન પ્રભુ ! આ ઝુમ્બેશની પાછળ એ પોતે છે."

"સીધો જવાબ આપોને ! કયા મનુષ્યોએ આ હોળી જગાવી છે ? તમે જાણો છો ?"

"હા, હા, હું એમાંના એકેએકને જાણું છું."

"બોલો, ત્યારે." એમ કહી એણે ગજવામાંથી ડાયરી કાઢી.

"લખો ત્યારે, ફુસનથી માંડીને સદા-શ્વેત પ્હાડો પર્યંતનો, રે ! એની યે પેલી પાર સુધીનો પ્રત્યેક કોરીયા-વાસી આ યુદ્ધની પાછળ ખડો છે."

ચીના મુખ ઉપર ભયાનક કોપ છવાયો. જાપાનીઓથી એ પ્રતાપ ન સ્હેવાણો. ડાયરી ખીસ્સામાં મેલીને અમલદારો ચાલ્યા ગયા.

એક અંગ્રેજ મુસાફર લખે છે:–" વીશ વરસની અમારી બન્નેની પિછાન દરમ્યાન મેં ચીના મુખ ઉપર મધુર હાસ્ય સિવાય બીજું કશું નહોતું જોયું. ચાહે તેવી આફતમાં પણ એના મ્હોંમાંથી તો આનંદમય સખૂન જ ઝરે. પણ છેલ્લો હું એને મળ્યો ત્યારે એ સીત્તેર વરસના વૃદ્ધની આંખોમાં આંસુ ઉભરાયાં. ગિરફતાર થવાના ડરથી એ રડતો હતો ? ના, ના. એ આંસુ ન્યારાં હતાં. એ બોલ્યો કે, " આ આફતને ટાણે શું મ્હોં લઇને હું બુઢ્ઢો બંદીખાનાની બ્હાર મ્હાલું છું ? હાયરે !



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.



૧ વાઇકાઉન્ટ કીમ. [પા. ૬૯]   ૨ યી–સેંગ–જય. [પા. ૭૯]   ૩ કોરીયન કુમારિકા. [પા. ૭૫]

Gandhi Heritage Portal
4/26/2021
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

અમારી કુમારિકાઓ ને યુવતીઓ આજ અમાનુષી જંગલીઓના પંજામાં પડી છે." ચોથે દિવસે વૃદ્ધના પગમાં જંજીરો પડી.

સીત્તેર વરસનો બુઢ્ઢો એ યી નહોતો રડતો, પણ એ તો ચાર હજાર વરસનો વૃદ્ધ એક દેશ રડતો હતો. કેમ ન રડે ? જાપાની સોલ્જરો રસ્તે ચુપચાપ ચાલી જતી રમણીયોના સ્તન ઉપર મુક્કા મારે, ગમ્મતને ખાતર બંદુકના કુંદા લગાવે, બંદીખાનાની કડકડતી થંડીમાં સ્ત્રી પુરૂષોને નગ્ન બનાવી દોડાવે, વસ્ત્રો ઉતારવાની કોઇ શરમાળ નારી ના પાડે તો ઝોંટીને એ વસ્ત્રો ને ચીરી નાખે—આવાં વીતકો ઉપર ન રડે એવો કોઈ દેશ છે ?

અને અત્યાચારના આ આખા રાજ્ય દરમ્યાન કોઇ પણ કોરીયાવાસીએ મારપીટ કરી નથી. માત્ર એકજ અપવાદરૂપ બનાવ બની ગયો.

જાહેરનામાને ચોથે દિવસે સીઉલ નગરની એક કોલેજમાંથી એક તરૂણ ચાલ્યો આવતો હતો. એણે શું જોયું ? શેરીની અંદર એક કોરીયન કુમારિકાનો ચોટલો ઝાલીને એક જાપાની–સોલજર નહિ, સિવીલીઅન–ઘસડતો હતો, ને મારતો હતો. એ બાલિકાનો ઘોર અપરાધ એટલોજ કે એણે " અમર રહો મા "ની બૂમ પાડેલી. જુવાન કોલેજીઅનને આ અત્યાચારે ઉશ્કેરી મૂકયો. એને યાદ આવ્યા પેલા ત્રીશ નાયકોના



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

નાં ત્રણ ફરમાનો–પણ એનાથી રહેવાયું નહિ. એણે જોયું કે સામે ઉભેલો અત્યાચારી કોઇ અણસમજુ જંગલી લશ્કરી આદમી નહોતો, પણ ભણેલો ગણેલો સમજણો સિવીલીઅન હતો. કોરીયન જુવાન દોડયો, અત્યાચારીને એણે પકડયો, પટકયો, ને પેટ ભરીને પીટયો. તેટલામાં તો સૈનિકો આવી પહોંચ્યા, એ વીર યુવાનના બન્ને હાથ કાપી લીધા, ને એને બંદીખાને ઉપાડી ગયા. બીજે દિવસે એક પાદરી આ યુવકના પિતા પાસે આવી આશ્વાસન દેવા લાગ્યો. આંસુભરી આંખે વૃદ્ધે જવાબ વાળ્યો, કે “ મારા દીકરાના હાથ ગયા, પણ આવા કાર્યમાં કદાચ એના પ્રાણ જાય, તોયે મને દુઃખ નહિ થાય. ”

આખી લડતની અંદર મારપીટનો આ એકજ અપવાદ !



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ ૧૧ મું.

## અમેરિકાની દીલસોજી.

સુવોન નગરને સ્ટેશને ઉતરીને એક અમેરીકાવાસી બાઇ-સીકલ ઉપર ચાલ્યો જતો હતો. થોડે દૂરના એક ગામડામાંજ એને જવું હતું, છતાં એ પ્રવાસી છુપાતો છુપાતો પહાડોની પ્રદક્ષિણા ફરીને જતો હતો. એને ખબર હતી કે સીધે રસ્તે જાપાની પહેરગીરોનું થાણું છે, સિપાહીઓ એને આગળ જવા નહિ આપે.

ઘણા ગાઉનો ઘેરાવો ખાઇને એ મુસાફર એક ગામડામાં દાખલ થયો. લોકોને એ પૂછવા લાગ્યો કે " આંહી આગ લાગી હતી ને ?" થરથરતાં ગામલોકોએ એક ઉદ્ગાર પણ ન કાઢયો. પ્રવાસી સમજી ગયો. ગામમાં સરકારી અમલદારો હાજર હતા.

સરકારી અમલદારો સીધાવ્યા પછી લોકોએ આવીને મુસાફરને વાતો કરી.

૧૫ મી તારીખે બપોરે સોલ્જરો ગામમાં આવેલા. હુકમ કાઢયો કે " દેવાલયમાં હાજર થાઓ, ભાષણ દેવું છે." ઓ-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ગણુત્રીસ ખ્રીસ્તીઓ દેવાલયમાં ગયા, ને દિગ્મૂઢ બની બેઠા. પલવારમાં તો સોલ્જરો દેવાલયને વીંટળાઇ વળ્યા, બારીઓમાંથી બંદુકો છોડી; શ્રોતાજનો મરાયા, ઘવાયા, ત્યાં તો સોલ્જરોએ દેવળને આગ લગાડી. બહાર નીકળવા દોડનારાને સંગીનથી વીંધ્યા. ગોળીબાર સાંભળીને એ શ્રોતાઓની સ્ત્રીઓ તપાસ કરવા આવી. ગોળીઓના વરસાદમાં થઈને દેવાલયમાં જવા લાગી, ત્યાં તો બન્નેને સોલ્જરોએ કાપી નાખી. પછી સોલ્જરો ગામને આગ લગાડીને ચાલી નીકળ્યા.

બીજા એક ગામડામાં લોકોએ સ્વાધીનતાની ચીસ પાડી છપ્પન લોકોને પોલીસ થાણામાં બોલાવવામાં આવ્યા. દરવાજા બંધ કરીને દિવાલ ઉપરથી સિપાહીઓએ ગોળીઓ છોડી. તમામ લોકોના પ્રાણ ઉડી ગયા.

ત્રીજા એક ગામડાને આગ લગાડી સોલ્જરો ઉભા ઉભા એની જ્વાળાઓ જોઇ રહ્યા હતા. લોકો પોતાનાં ઘરબારની આગ બુઝાવવા દોડયાં. સોલ્જરોની ગોળી છુટી, સંગીનો ઘોંચાયાં, મારપીટ પડી. ગામવાસીઓ પણ પોતાના સુંદર ગામને સળગતું જોતાં જોતાં ઉભા રહ્યાં.

ગામડે ગામડે આગ લાગે, માતાઓ સ્તનપર વળગેલા બાળકોને લઇ ભાગે, પિતાઓ મોટાં છોકરાંને ઉપાડી ન્હાસે, પાછળ સોલ્જરોની ગોળીઓ છૂટતી આવે: આવાં તો કેટલાંયે ગામડાં ભસ્મીભૂત બની ગયાં. એનાં વર્ણનોમાં કલ્પનાના રંગો નથી પૂરી શકાતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

એકાદ ઘર સળગતું જોયું છે? એ સ્ત્રીઓની ચીસો, બચ્ચાંઓના આક્રંદ ને મરદોના હાકલ પડકારા કાને પડયાં છે? ખાઉં ખાઉં કરતી જવાળાઓ આંહીથી ત્યાં દોડતી, સંહાર કરતી નિહાળી છે? સેંકડો લોકોની સહાય, અને સાંત્વન વચ્ચે પણ શી શી ભયાનકતા માત્ર એક ઘરની આગમાંથી ઉભી થાય છે! ખ્યાલ કરો, કોરીયાની અંદર સરકાર આખાં ગામડાં ને ગામડાં સળગાવી મૂકે, બુઝાવવા જનારનો બંદુકે પ્રાણ કાઢી નાખે.

અને આ બધો વિનાશ શું એ ચાર પાગલ બની ગએલા સોલ્જરોએ પોતાની મોજને ખાતર કરેલો? જાપાની લશ્કરની સખ્ત દેખરેખમાં મગદૂર નથી એક પણ સૈનિકની કે પોતાની જવાબદારી ઉપર એ એક ગોળીબાર પણ કરી શકે. સેનાપતિઓના હુકમો હતા. સોલ્જરોની આખીને આખી ટુકડીઓ ફરતી હતી.

પરદેશીઓએ એ ધ્વંસ નજરે નિહાળ્યો, ગવર્નરની પાસે પોકાર પહોંચાડ્યો, એ પાયમાલીની છબીઓ બતાવી ગવર્નરે દિલગીરી દર્શાવી ગુન્હેગારોને નશીયતે પહોંચાડવાનું વચન આપ્યું. એક પણ અપરાધીને સજા નથી થઇ. રે! રૂખસદ તો નથી મળી, પણ પગારમાં કશો ઘટાડો યે નથી થયો!

ત્યારે શું આ કૃત્યો કેવળ કોરીયાની સરકારનાં જ હતાં? જાપાની પ્રજાનો જરાયે અપરાધ નહોતો? એણે શું આ



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

નિર્દોષ આશ્રિત પ્રજાના ધ્વંસ ઉપર કદી એક પણ આંસુ વરસાવ્યું છે? ઇતિહાસ ના પાડે છે. જાપાનની પ્રજા આ બધી વિગત જાણતી હતી. કોઇ પણ પ્રજાજને આ જુલ્મ સામે આંગળી ઉંચી નથી કરી, તિરસ્કાર નથી પ્રગટ કર્યો. જાપાનની પ્રજા તો 'મહત્ જાપાન' નાં સ્વપ્નાં જોતી હતી!

પરંતુ યુરોપી પરદેશીઓ તો ટોળાબંધ કોરીયામાં વસતા હતા. અમેરિકાવાસીઓનો હાહાકાર શું સામે કિનારે પોતાની ભૂમિમાં ન પહોંચ્યો? આવા દારૂણ ધ્વંસની એક પણ કથની કાં કોઇએ પોતાને ઘેર ન લખી મોકલી?

કારણ એટલુંજ કે ટપાલખાતું ને તારખાતું સરકારના હાથમાં હતું. પત્રવ્યવહાર ઉપર સજ્જડ ચોકી ગોઠવાઇ ગઇ હતી. એક પણ સમાચાર એ ચોકીદારોની નજર ચુકાવી કોરીયાના સીમાડા ન વટાવી શકે. અમેરિકામાં બેઠેલો કોરીયાવાસી પોતાને ઘેર કાગળો લખે એ સરકારી ચોકીદાર ફોડે; એ કાગળમાં સરકારના કારભારને લગતી લગારે હકીકત હોય તો એ કાગળના ધણીને સજા થાય. આની બેવડી અસર થાય. કોરીયાવાસી રાજ્યદ્વારી ખબરો લખતો અટકે, ને પરદેશથી એવા ખબર મેળવતો બંધ થાય. કોરીયામાં વસનારો અમેરિકાવાસી પોતાને દેશ જઇ જાપાની સરકારના સંબંધમાં કશુ ભાષણ કરે, કે લેખ લખે, તો કોરીયન કોન્સલ એ ભાષણ કે લેખ કોરીયા સરકારને મોકલે. પેલો અમેરિકાવાસી પાછો કોરીયામાં આવે એટલે એને કોરીયા છોડી જવાનો આદેશ મળે.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ત્યારે અમેરીકાવાસીઓ કોરીયાની હાલત સંબંધે કેવી માહીતી ધરાવતા ? એ માહીતી આપનાર કોણ ? એ માહીતી આપનાર સરકાર પોતે. શી રીતે ? પોતાનાં પક્ષનાં વર્તમાન-પત્રો મારફત આંકડાશાસ્ત્રમાં કાબેલ બનેલી સરકાર, હકીકતો અને વિગતોને શણગારવામાં પ્રવીણ કોરીયન સરકાર શી શી અસરો ન કરી શકે ?

પરદેશીઓ અંજાઇ જાય એવી એ ઇંદ્રજાળ હતી.

એટલુંજ બસ ન હોય. જાપાન મનુષ્યસ્વભાવ જાણતું હતું. મનુષ્યોના અંતરાત્માને–રે આખી ને આખી પ્રજાના અંતરાત્માને–ખરીદી લેવાની કળા જાપાને પશ્ચિમને ચરણે બેસી આબાદ કેળવી લીધેલી. સુલેહની પરિષદ્‌ને સમયે જાપાને યુરોપી રાજ્યોની અંદર એક કરોડ ડોલર (ચારકરોડ રૂપીયા) છુટે હાથે વેરી દીધેલા હતા. અત્યારે પણ અમેરિકાનું હૃદય હાથ રાખવા માટે જાપાન દર વરસે લાખો ડોલરો એટલે કરોડો રૂપીયા ખરચી રહ્યું છે. છાપાંઓ જાપાનની વાહવા પોકારે તેનો આ મર્મ છે. વક્તાઓ ઠેર ઠેર જાપાનની રાજ-નીતિનાં યશોગાન ગાય તેનો આ મર્મ છે. બીજી બાજુ જાપાનીઓ અમેરિકાની અંદર મોટાં મોટાં મંડળો ખોલે છે, વરસે વરસે મિજબાનીઓ ને મ્હેફિલો થાય છે. બબ્બે હજાર ઇજ્જતદાર અમેરિકાવાસીઓ એ મંડળના સભાસદો છે. મ્હે-ફીલનાં મેજ ઉપર પેટ ભરીને પછી દારૂની છલકતી પ્યા-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

લીઓ ઉડાવતા ઉડાવતા અમેરિકાવાસીઓ ફીદા થઈને જાપાનની સ્તુતિ કરે છે.

જાપાની અત્યાચારોના બચાવનો એક નમુનો લઇએ. ૧૯૧૯ની ઝુમ્બેશ સંબંધે એક અમેરિકાવાસી લેખક અમેરિકામાં લખે છે કે "બદમાશોને 'અમર રહો મા' એવો ધ્વનિ કરવાના ત્રીશ ત્રીશ પૈસા મળે છે. ત્રીશ પૈસાને ખાતર આ બદમાશો ટોળે વળે, બૂમો પાડે, પોલીસ થાણાં ઉપર હલ્લો કરે, પત્થર ફેંકે, પછી તો જાપાની સૈનિકો સરખાં શાંત માણસોને પણ ખીજ તો ચડેજ ને!"

બરાબર છે! કોરીયાની બઝારમાં મનુષ્યનો જાન સસ્તે ભાવે મળી શકે છે! પણ એટલો તો સસ્તો નહિજ, કે ત્રીશ પૈસાને ખાતર કોરીયાવાસી વીંધાઇ જવા કે કપાઇ જવા તૈયાર થઇ જાય!

આખરે ઇન્દ્રજાળ ભેદાણી. કેટલાએક મીશનરીઓ રેલ્વેમાં બેસી છેક ચીનમાં પહોંચ્યા, ને ત્યાંથી પોતાને દેશ કાગળો રવાના કર્યા. અમેરિકાનાં વર્તમાનપત્રોમાં કોલાહલ ચાલ્યો. જાપાની અધિકારીઓએ ઘણા યે ખુલાસા ચોમેરથી બહાર પાડયા. પણ અમેરિકાવાસીને મન સંદેહ રહી ગયો. એક મંડળી કોરીયામાં આવવા તૈયાર થઇ. એ ઇસારો થતાં તો જાપાની સરકારનાં ભાડુતી વર્તમાનપત્રોએ બૂમરાણ મચાવ્યું કે "જાશો ના, જાશો ના, કોરીયામાં કોલેરા ચાલે છે." પણ પેલી મંડળી માની નહિ. એટલે બીજી બૂમ પડી કે "બમ-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

રદાર, તમારી જીંદગી જોખમમાં છે. કોરીયામાં તમારા પ્રાણ લેવા એક કાવતરૂં રચાય છે. ” પણ પેલા મહેમાનોનાં હૈયાં થડકયાં નહિ. જાપાની સરકારે જણાવ્યું કે “ તમે તો નહિ સમજો, પણ અમારા માનવંત મિજબાનો તરીકે તમારૂં રક્ષણ કરવાની અમારી ફરજ છે. ફિકર નહિ; તમારી સાથે અમારી પોલીસ હાજર રહેશે. સાવધાન, પોલીસની સૂચનાને અનુસરજો, નહિ તો જોખમ છે. ”

મિજબાનોનું મંડળ આવી પહોંચવાનું હતું તે દિવસે સ્ટેશનથી ઉતારાના મુકામ સુધી રસ્તાપર સિપાહીઓ ઉભેલા કોરીયાવાસીઓ અમેરિકાના મિજબાનોને આવકાર દેવા હોંશે ભર્યાં દોડયાં આવ્યાં.

પોલીસે તલવાર કાઢી. નાદાનોને નસાડયાં. મહેમાનોની ગાડી ગામમાં નીકળી ત્યારે બન્ને બાજુ પોલીસ, અને રસ્તો સ્મશાન સમો નિર્જન ! મિજબાનો ચકિત થયા. કયાં હતો કોલેરા ? કયાં ગયું પેલું કાવતરૂં ?

મહેમાનોએ હઠ પકડી કે અમારે તો દેશ જોવો છે. સરકાર કહે કે તમને લૂંટવા ને મારી નાખવા મોટી ટોળી ખડી થઇ છે. મહેમાનો કહે ફિકર નહિ. સરકાર સમજી કે ચોકખી ના નહિ પડાય. પણ એક ઇલાજ હતો. કોરીયાવાસીઓનેજ મહેમાનો પાસે આવવા ન દેવા !

મહેમાનોને મ્હેફિલો પર મ્હેફિલો અપાવા લાગી. સરકારી નિશાળો, કચેરીઓ, અદાલતો, બતાવવામાં આવ્યાં. મહેમાનો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

મહેમાનીમાંજ તલ્લીન બન્યા. મિષ્ટાન્ને કોનું મ્હોં નથી ભાંગી નાખ્યું ?

આખી મંડળીમાં એક માણસ મક્કમ રહ્યો. એણે તો હઠ પકડી કે મ્હારે આ દેશવાસીઓને જોવાં છે. એણે જણાવ્યું કે હું એકલોજ આથડીશ. મારી સાથે પોલીસ નહિ. એણે એક સભા ભરી. મંડપમાં મેદની માતી નથી. મહેમાનનું ભાષણ બધાં તલ્લીન બની સાંભળે છે. ત્યાં તો સોલ્જરોનાં સંગીનો ઝબૂક્યાં. શ્રોતાજનોની ધરપકડ ચાલી. મહેમાનને કહેવામાં આવ્યું કે " કૃપા કરી ચાલ્યા જાઓ. " મહેમાને આંખો ફાડી જણાવ્યું કે " પહેલી બેડી મને પહેરાવો. પછી જ આ નિર્દોષ મંડળીને તમે આંહીથી લઇ જઇ શકશો. " એકજ આદમીની મક્કમતા ! સેના શરમાઇને ચાલી ગઈ.

આ એક મિજબાનના મનમાં એવો તિરસ્કાર, એવો કોપ વ્યાપી ગયો કે એણે પોતાની મંડળીનો સંગાથ છોડયો, એકાકી એ આખા કોરીયામાં રખડયો. અમેરિકામાં જઇને એણે આખું ભોપાળું એના નગ્ન સ્વરૂપમાં રજુ કર્યું.

એ મંડળીના નિવાસ દરમ્યાન સરકાર શું કર્યા કરતી હતી ? તારો પર તારો છૂટતા હતા કે મહેમાનો વિરૂદ્ધ કાવતરૂં ચાલે છે, મહેમાનોની ગાડીને પટકવા માટે પાટા ઉખેડી નાખેલા છે, બોમ્બ છૂટવાની તૈયારી છે.

અમેરિકામાં પાછાં આવતાં એક પણ મુસાફરે આ રેલગાડીના અકસ્માત, કાવતરાં કે બોમ્બ વિષે એક ઉચ્ચાર



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

સરખો ચે નથી કર્યો. ઉલટું મિજબાનોએ ઠેર ઠેર જણાવ્યું કે એ રમણીય ભૂમિનાં લોકો–પુરૂષો, સ્ત્રીઓ ને બચ્ચાંઓ, –સ્ટેશને સ્ટેશને આઘે ઉભાં ઉભાં અમારી સામે દયામણી આંખે નિહાળી રહ્યાં હતાં. કવચિત કવચિત એ હર્ષનાદ કરતાં હતાં, પણ ઘણું ખરૂં તો એ ચુપચાપ ઉભાં રહેતાં. એની ચુપકીદીમાં અમે એનાં હૈયાં વાંચી શકતા. એના પ્રાણ પરદેશી સત્તાની સામે પોકારતા હતા.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

# પ્રકરણ ૧૨ મું.

## ભીષણ સૌંદર્ય.

દરીયાપારના પ્રવાસીઓ કેમેરા લઇ લઈને આવ્યા, ભાષણો દઇ ગયા, વિનાશની છબીઓ પાડી ગયા, ઘેર જઇને વર્તમાનપત્રોમાં કોરીયાની દુઃખમય કથની ઉપર કરૂણાના થોડાએક શબ્દો લખી કાઢયા–સ્વતંત્રતાના સાથીઓ અમેરિકાવાસીઓની મનોવેદના પ્રગટ થઇ ચુકી! રે! જાપાનની તલવારોના ઝખ્મો તો રૂઝાશે, પણ આ સ્વાતંત્ર્યપ્રેમી બંધુજનોની કરૂણા રૂપી ક્રૂર મશ્કરીના ઉંડા ઘા રૂઝાતાં વાર લાગશે. દુશ્મનોને હાથે ગળાં રેંસાય, એમાં શુરવીરોને મન પરમ સુખની મીઠાશ છે, અરેરાટીનો ઉચ્ચાર કર્યા વિના પ્રાણ કાઢી આપવામાં તો એક અપૂર્વ ગોરવ, અદ્ભુત મહિમા, અને અપાર શોભા ભરેલ છે. કારણ કે શુરવીર એ મરનારાને " બિચારો " કહી અપમાન દેનાર કોઇ ત્યાં નથી હોતું. કોરીયાનું હૈયું હાહાકાર કરી ઉઠતું હશે કે " ઓ પ્રભુ ! મ્હારા મિત્રોથી મને બચાવી લેજે ."



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

શા માટે આવ્યા હતા આ વિદેશીઓ ? એક પીડાતી પ્રજાની વ્હારે ધાવા ? દુ:ખી અને ઝખ્મી બે કરોડ માનવોના મસ્તક ઉપર અનુકમ્પાનાં બે અશ્રુબિન્દુ વરસાવવા ? જાલીમ જાપાનને સાવધાન કરવા ? ના, ના. એવી મિથ્યા અનુકમ્પાની ઘેલછા ડાહ્યા ડમરા વેપારીઓને ન શોભે ! પોતાના કિનારાઓને સાચવીને અમેરિકા આનંદભર્યું મ્હાલે છે. દરીયાપારની લહરીઓમાં ન્હાની ન્હાની પ્રજાઓનાં આક્રંદની ચીસો આવીને એને કાને અથડાય છે, પણ સીગારેટ કે નૃત્ય નાટકના તાનમાં બેઠેલા એ વેપારીનાં નેણાં ઘેરાતાં હોય, તે વેળા એ આર્ત-નાદની એને શી તમા ? એની તંદ્રા ને એનું ઘેન તો ત્યારે જ ઉડે, કે જ્યારે લ્યુસીટેનીઆના બસો ચારસો દેશ-બંધુઓ ઉપર જર્મન પ્રલયનાં મોજાં ફરી વળે !

અમેરિકાવાસીઓ આવ્યા, તે તો પોતાનાં દેવાલયોની, ને પોતાના ધર્મબંધુઓની પાયમાલી સાંભળીને. અમેરિકાના વેપારીઓએ બૂમરાણ કર્યું, તે તો પેલી પોતાની રેલ્વે કંપ-નીઓના પાટા કોરીયાની ભૂમિ પરથી જાપાને ઉખેડી નાખ્યા એ બળતરાએ. પચીસ પચીસ વરસ થયાં એનાં વિજળીનાં કારખાનાં કોરીયાની અંદર ચાલતાં, એની તમાકુની પેઢીઓ જામી પડેલી, એના નાખેલા નળોમાંથી કોરીયાવાસીઓને પાણી પહોંચતું, એને હાથે કોરીયાનાં જંગી વ્હાણો બંધાતાં, એના સંચાઓ વડે કોરીયાની ખાણોમાંથી સોનું ખેંચાતું;



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

દારૂગોળો એનાં કારખાનામાં તૈયાર થતો. જાપાને આવીને એ બધું અમેરિકાની પાસેથી ઝુંટવી લીધું. પોતાના વેપારીઓને બેસુમાર હકકો આપ્યા, એની હરીફાઇ સામે અમેરિકાવાસીઓ હાથ ખંખેરી ચાલતા થયા. એ બળતરા અમેરિકાના અંતરમાંથી બોલી રહી છે, કોરીયા માટેની કોઈ અનુકમ્પા નહિ.

વિદેશી મુસાફરો તો મુગ્ધ હતા પેલી ભવ્ય સરકારી મ્હેલ મ્હેલાતો ઉપર, સરકારે બંધાવેલા બાગ બગીચાઓ ઉપર અને આખા દેશમાં ઠેર ઠેર બંધાવેલી સુંદર સફાઇદાર સડકો ઉપર. પણ ક્યાં બંધાવેલી હતી એ સુશોભિત સડકો? વસ્તીવાળા પ્રદેશોમાં નહિ, દૂર દૂરના વેરાનમાં. ગામડાનાં ગરીબ કોરીયનો પોતાનાં ગાડાંઓ ખેતરાઉ અને પહાડી રસ્તાઓ ઉપર સુખેથી ચલાવતા, જરૂર જોગો વેપાર કરી આવતા. એને આવા મનોહર રાજમાર્ગોની જરૂર નહોતી. એ નિર્જન રાજમાર્ગો વેરાનની ભીષણતામાં વધારો કરતા હતા. લોકો એ રાક્ષસી સડકોથી ભય પામતાં. હુ હુ હુ હુ કરતી એ સડક કોરીયાનું હ્રદય વીંધીને જાણે ચાલી જતી. પ્રજા પળે પળે કાન માંડીને ચમકી ઉઠતી, કે જાણે એ સડકના હૈયામાં દૂર દૂરથી ચાલ્યા આવતા જાપાની સૈન્યના તાલબંધ કદમના ધબકારા સંભળાય છે, સંગીનો ઝબૂકે છે, તલવારો ખણખણે છે, તોપખાનુ માર માર કરતું, આકાશ ગજ-



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વતું ચાલ્યું આવે છે. સેના ચાલી આવે છે, રસ્તાના મુલકને આગ લગાડતી આવે છે, દેવળો તોડતી, અને લોકો ઉપર ગોળીઓ છોડતી આવે છે. હાય! એ જીવલેણ સડકો તો જાપાની સેનાને એ રમ્ય ભૂમિ ઉપર છોડી મૂકવા માટે બાંધવામાં આવેલી. એ મહેલ મહેલાતો અને રાજમાર્ગો બાંધવામાં હજારો લોકોને તલવારની અણીએ વેઠે વળગાડેલાં હતાં. એ જમીનો લોકો પાસેથી જબરદસ્તી કરી ઝૂંટવી લેવામાં આવી હતી. કોરીયાની એ શોભાયમાન ને મોહમયી મહેલાતોના પત્થરો, તે પત્થરો નથી, પણ જીવતાં કોરીયાવાસીઓનાં-મરદો, ઓરતો અને બાલકોનાં-શરીરોના ગંજ ખડકેલા છે. પળે પળે એ પત્થરોમાંથી ઝીણું આક્રંદ ઉઠે છે. કેમેરા લઇને છબી પાડવામાં મશગુલ બનેલો વિદેશી મુસાફર એ આક્રંદ ન સાંભળી શકે.

આ બધી કવિતા નથી. ધગેલા મસ્તકની મિથ્યા કલ્પના નથી. કઠોર સત્ય છે. કોરીયાની શોભા વિસ્તારવા જતાં જાપાની સરકારે, એ દેશનું રાષ્ટ્રીય કરજ ૩૬૮,૨૫૬ ડોલર હતું, તે વધારીને ૫૨,૪૬૧,૮૨૭ ડોલર જેટલે પહોંચાડી દીધું છે. અને વાર્ષિક કર વેરો સને ૧૯૦૫ માં ૩,૫૬૧,૯૦૭ ડોલર હતો તે વધારીને ૧૯,૮૪૯,૧૨૮ ડોલર સુધી પહોંચાડયો છે. બદસુરત દેશને રમણીય બનાવવા જતાં, દેશનું કરજ એકસો તેતાલીસ ગણું વધારી દેવાય, અને પ્રજા ઉપર સાડાપાંચ ગણો કર ચાંપી બેસાડાય, એ કાંઇ સાધારણ દિગ્વિજય ન કહેવાય. 'મહત્



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

જાપાન ' કે ' મહત્ બ્રીટન ' થવું સ્હેલું નથી. લોકોની ખાનગી મિલ્કતો, રે ! ખુદ બૌદ્ધ દેવાલયોની જમીનો ઝુંટવી લેવામાં છાતી કઠણ કરવી પડે છે ! ત્રણ લાખ જાપાનીઓને વેપાર વાણિજ્ય તેમજ સરકારી નોકરીઓ સોંપી દેવામાં બડી હિંમત વાપરવી પડે છે ! જાપાનીઓને માટે જગ્યા કરી દેવા કોરીયાવાસીઓ દેશ છોડી ચાલી નીકળે, મંચુરીયા અને સાઇબીરીયાના બરફની બખોલોમાં ભરાઇ બેસે, તો ત્યાં પણ જાપાની લશ્કર તત્કાળ પહોંચી જાય. કારણ ? સરકાર કહે છે, કે અમારી પ્રજા જ્યાં જાય ત્યાં એનું રક્ષણ કરવાનો અમારો ધર્મ છે ! મહારાજ્યો આમજ બંધાયાં છે. આ રીતે જ બંધાશે.

આજ કોરીયાની પ્રત્યેક બેન્ક ઉપર જાપાની " સલાહકાર " ચડી બેઠા છે. એની સીલક સરકારી બેંકમાં જ રાખવી પડે છે; ને એ સરકારી બેંકની મુન્સફી સિવાય કોઇ બેંક એ સીલકનાં નાણાં પાછાં મેળવી શકે નહિ. બેંકો ઉપર તો શું, પણ પ્રત્યેક કોરીયન શ્રીમંતની છાતી ઉપર અક્કેક જાપાની Steward ( નોકર ) ચાંપી દેવામાં આવ્યો છે, કે જે ઘરનો હિસાબ રાખે, તેમજ નાણાં પ્રકરણી સલાહ-સૂચના કરે. સરકારના નીમેલા આ સલાહકારની પરવાનગી વિના કોરીયાનો શ્રીમંત કશું ખર્ચ કરી શકે નહિ. એ કાયદો તોડનારની મિલ્કત તત્કાળ જપ્ત થાય. એક શ્રીમંતે ચીનની અંદર કોરીયાના તરૂણોને શિક્ષણ દેવાની અભિલાષાએ પેકીંગની



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

અંદર એક શાળા ઉઘાડી. સરકારી અમલદારે એના ઉપર કાવતરાંનો આરોપ મૂકયો, એની મિલ્કત જપ્ત કરી. ચીનાઇ સરકાર એક સખૂન પણ ન ઉચ્ચારી શકી. બીજા એક ગૃહસ્થે સરકારી બેન્કમાં મૂકેલાં પોતાનાં નાણાંમાંથી એક લાખ સીક્કા ઉપાડવાની પરવાનગી માગી. સરકારે ના પાડી. એણે જીદ કરી. સરકારે એની આખી ઇસ્કામત જપ્ત કરી. કારણ ? એ બદમાશ સરકારની સામે કાવતરૂં રચતો હતો. !



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

# પ્રકરણ ૧૩ મું.

## સુધારાની માયાજાળ, અને છેલ્લી તૈયારી.

સુલેહની સભામાં બેસીને જ્યારે જાપાન દુર્બળ પ્રજાઓના બચાવમાં ગર્જના કરતું હતું, ત્યારે એની પોતાની છાતી થડક થડક થતી હતી. એણે જોયું કે નિર્દોષ શોણિતનો આર્તનાદ દિગ્ દિગન્તરો વીંધીને ચોમેર પહોંચ્યો છે. એના કાળજામાં અવાજ ઉઠયો કે શું જવાબ આપવો ?

અંતરનો સેતાન બોલી ઉઠયો કે "સુધારા, સુધારા."

ટોકયોની સરકારે ઢંઢેરો લખીને અમેરિકા મોકલ્યો. વર્તમાનપત્રોએ એ ઢંઢેરો છાપી નાખ્યો. ઢંઢેરામાં જાપાને કોલ દીધેલો હતો કે "કોરીયાની અમારી વ્હાલી પ્રજાને અમે સમાનભાવે સુખી અને સલામત રાખીશું, પગલે પગલે સ્વરાજ્ય બક્ષીશું, લશ્કરી રાજ્યતંત્રને બદલે સીવીલ રાજ્યવ્યવસ્થા સ્થાપીશું, ગ્રામ્ય સ્વરાજ્ય, અને શહેર સુધરાઈખાતું પ્રજાની ચુંટણીના ધોરણ પર ચલાવીશું, ઇન્સાફના તખ્ત સામે જાપાની કે કોરીયન ઉભયનો એક કાયદે ન્યાય કરીશું." ઢંઢેરો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

વાંચી વાંચીને પરદેશીઓ પોતાના પોકારને સફળ થયેલો સમજી બેઠા.

કાળાં કામ કરનારા બે જુના હાકેમોનાં રાજીનામાં મંજુર થયાં. મંજુરીના કાગળમાં જાપાની સચીવ શું લખે છે? "વર્ષો સુધી ઉજ્જ્વળ સેવા બજાવનારા આ બે લાયક અધિકારીઓનું રાજીનામું સ્વીકારતાં મને દુઃખ થાય છે!"

લશ્કરી રાજ્યનો પલ્ટો આરંભાય છે. એક હાથે જાપાની સચીવ અમેરિકાને કોરીયા પરત્વેની પોતાની મમતાના ખાત્રી પત્રો મોકલે છે, અને બીજે હાથે, કતલ ચલાવવા કોરીયાને કિનારે છ હજાર સૈનિકોનો કાફલો પહોંચાડે છે. 'સુધારા'નો સંદેશો સંભળાવીને તત્કાળ કોરીયાની છાતી ઉપર ત્રણ હજાર વધુ પોલીસો, અને બસો વધુ અમલદારો બંદુકો લઇને ચડી બેસે છે. અત્યાચારો કરનારો જુનો એક પણ અમલદાર કશી શિક્ષા નથી પામતો.

અત્યાર સુધી માત્ર ઇસારે કામ ચાલતું, હવે 'સુધારા' જાહેર થયા, એટલે લિખિત હુકમોથી પોલીસને ગોળી ચલાવવાની છૂટ મળી. ઉત્સવોની અંદર પ્રજાને સંગીત કરવાનો પ્રતિબંધ, અને પાંચ પાંચ કુટુંબોના મસ્તક પર એકેક અમલદારની (નીમણુક) મલ્લકુસ્તીની મનાઇ, ઉજાણીની મનાઇ, પૂર્ણિમાના ઉત્સવોની મનાઇ, અને એ મનાઈના ઉલ્લંઘનની આકરી શિક્ષા— આંખો મીંચીને ગોળીઓ છોડવાની.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

ઇન્સાફની પ્રથામાં પણ એજ તરેહના સુધારા ! બંદીવાનને કેવળ એકજ પ્રશ્ન પૂછાય. "ફરીવાર કદી પોકારીશ કે 'અમર રહો મા' ?" હકારમાં ઉત્તર હોય તો કારાગૃહની અનંત અંધારી યાતનાઓ એની રાહ જોતી. અદાલતમાં આ સવાલનો ઉત્તર એક કુમારિકાએ દીધેલો કે, "છૂટીશ તો પહેલી જ તકે હું મારી માતાનું નામ પોકારવાની." બસ ! કારાગૃહનો ઘોર અંધકાર એ સુકુમાર બાળાના આશામય સંસાર ઉપર ફરી વળ્યો.

વધુ કર્પીણ રીબામણી, વધુ પિશાચી રક્તપાત, વધુ ને વધુ દમન આરંભાયાં—અને તે બધું, સુલેહ શાંતિને નામે, નિર્દોષ અને શાંત પ્રજાજનોની સહીસલામતીને નામે !

સુધારાની ઈંદ્રજાળથી આખી દુનિયા ઠગાણી છે, પણ કોરીયા નથી ઠગાયું. જાપાન કોરીયાના અંતરને ઓળખી નથી શક્યું.

પ્રત્યેક કોરીયાવાસીના પ્રાણમાં આજે ભીષણ કટુતા વ્યાપી રહી છે, અને એ ઝેર જમાનાઓ જતાં યે નથી નીકળવાનું. હવે કોરીયા વિચાર નથી કરતું, બુધ્ધિપૂર્વક સમજીને ધિઃક્કાર નથી દેતું, એ ધિઃક્કાર તો એના લોહીના પ્રત્યેક બિન્દુમાં પ્રવેશી ચુકયો છે, સુધારાનાં છળ કોરીયાના ઝખમો નહિ રૂઝાવી શકે. એનું ખૂન પોકારી ઉઠે છે કે "ચાલ્યા જાઓ અમારી ભૂમિ પરથી." બસ ! એથી કમતી કે વિશેષ કશું યે નહિ.



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust

કોરીયા અત્યારે સ્વાતંત્ર્યને લાયક છે કે નહિ, આંતર-રાષ્ટ્રીય સંબંધોની દૃષ્ટિએ જોતાં જાપાન અત્યારે કોરીયાને મુક્ત કરી શકે કે નહિ,—એ સવાલો વિચારવાની કોરીયા ના પાડે છે. હવે તો એ સવાલ સમજણનો નથી, દારૂણ દર્દનો છે, ઉંડા ધિઃક્કારનો છે, સેંકડો વર્ષોના કારી ઝખ્મોનો છે. કોરીયાનું સંતાન ખીજ નથી બતાવતું, આંખો રાતી નથી કરતું, બહુ ઓછું બોલે છે, પણ એના હૈયાની જ્વાળા ચુપચાપ ભડભડી રહી છે.

પણ વિસરશો નહિ, ભ્રાંતિમાં પડશો નહિ, કે ક્રોધાંધ બનીને કોરીયા ભાન ભૂલ્યું છે. ના, ના. દુનિયાની નજરે કોરીયા પાગલ બનીને ચુપચાપ પડેલું દેખાય છે. પણ એ દેશના ઉંડાણમાં વ્યવસ્થિત, વિધવિધ ચળવળ ચાલી રહી છે. શાંગાઇ શહેરની અંદર કોરીયાની કામચલાઉ રાષ્ટ્રીય-સરકાર ( Provisoinal Government ) ની હમણાં જ બેઠક મળેલી, એ કેવળ નાટકીય તમાશો નહોતો. જાપાનને માલૂમ છે કે દેશભરની અંદર એ દેશી રાજ્યતંત્ર ચુપચાપ ગોઠવાઇ ગયું છે, ને રાજ્ય ચલાવી રહ્યું છે. પણ, એની કચેરીઓ ક્યાં ક્યાં છે, એના અધિકારીઓ કોણ છે, એનાં સાધનો ક્યાંથી ચાલ્યાં આવે છે, તેનું ભાન જાપાની જાસુસોને જરાયે નથી. બીજી ભયાનક બીના પણ જાપાની સરકાર જાણે છે. કે પોતાના જ જાસુસો એ ગુપ્ત રાજ્યતંત્રને મદદ કરી રહ્યા



Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust


છે. પણ જાપાની સરકાર કોઇ સાચા અપરાધીને નથી શોધી શકી. સેંકડો શકદારો પકડાય છે, દારૂણ સજા પામે છે, પણ પેલું ગુપ્ત રાજ્યતંત્ર પ્રતિદિન પ્રબલ બનતું જાય છે. જાપાન ડાચું વકાસીને જોઇ રહે છે. એ ગુપ્ત કોરીયન સરકાર શાંગાઈ, ઈંગ્લાંડ અને અમેરિકા સાથે પત્રવ્યવહાર ચલાવે છે, નાણાં મેળવે છે, ને મોકલે છે. "સ્વતંત્રતા સમાચાર" ની હજારો નકલો છુપી છપાઇને ઘેર ઘેર પહોંચે છે. હજારો કાસદો પકડાય છે, તો યે એ દેવ-સેનાનું દળ ખૂટતું નથી. બાલકો શાળાની અંદર શિક્ષકોની સામે સર્ટીફીકેટો ચીરી નાખે, પુરૂષો "અમર રહો મા" પોકારે, સોલ્જરો મુંઝાઇને સ્તબ્ધ બને છે, કારણ કતલની કે મારપીટની કશી અસર નથી.

ત્યારે હવે ?

જાપાન મુંઝાયું છે. માર્ગ સૂઝતો નથી, પિસ્તોલો લાઇ-લાજ બની છે. એની સન્મુખ બે જ રસ્તા ખુલ્લા છે. કાં તો દેશ છોડી ચાલ્યા જવું, નહિ તો બે કરોડ કોરીયાવાસીઓને, ચુકતે હિસાબે રેંસી નાખવા, એ પ્રજાનું અસ્તિત્વ આ ખલ્કની અંદરથી ઉખેડી નાખવું. ત્રીજો માર્ગ નથી. કારણ, કોરીયાએ આખરની તૈયારી કરી મેલી છે, મોતની પથારી બિછાવી રાખી છે, એકે એક પ્રજાજન—એકે એક—પોતાના પ્રાણ બે હાથમાં ધરીને ઉભો છે. એ બીજું કાંઇ સમજતો



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.



ફાંસીની સજામાંથી બચી આવેલા, ડૉ. સીંગમાન રી. કોરીયન
પ્રજાસત્તાકનો, એક મતે ચૂંટાયેલો પ્રમુખ. [પા. ૨૯]

Gandhi Heritage Portal

© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.




શાંગાઇ નગરમાં સ્થપાએલુ કામચલાઉ કોરીયન પ્રજાસત્તાક રાજ્ય મંડળ એ કંઇ નાટકીય તમાસો નહોતો. [પા. ૨૦૨]

Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.

4/26/2021

નથી. પિતૃભુમિનો પ્રાણ એ પ્રત્યેકને સ્મશાનમાંથી સાદ કરી રહ્યો છે. પ્રકાશની એને પરવા નથી. અંધકારના–મૃત્યુના–અમર ભુવનમાં દાખલ થવા એ તલસે છે. હવે તો એ બીજા કોઇ દયાળુને વ્હારે ધાવા કાલાવાલા કરતો નથી. સાગરને સામે પારથી આશાના સંદેશા નહિ, પણ મૃત્યુના ઘુઘવાટા એ કિનારે બેઠો બેઠો સાંભળે છે. હજારો વીર વીરાંગનાનાં વૃંદ આકાશની અંદર ચાલ્યાં જતાં એ નિહાળે છે. એ હસે છે, પ્રેતની પેઠે હસે છે, અમર દુનિયાનાં એ દર્શન કરે છે, અને પળે પળે પોકારે છે. " અમર રહો મા કોરીયા ! "

ત્યારે હવે જાપાને શું ધાર્યું ?

નકશા પર નજર કરો. નકશો એનો ઉત્તર દેશે. કોરીયાને કિનારેથી જાપાની તોપો ખસે કે બીજી જ પ્રભાતે જાપાનનો બીજો કોઇ દુશ્મન પોતાની તોપો ત્યાં માંડશે, ને જાપાન ઉપર ગોળા છોડશે, એવી જાપાનને ધાસ્તી છે. પરંતુ એથી યે ઉંડાણમાં પેલી મહદ્ જાપાન બનવાની મુરાદ, કોરીયાની ગુલામીનું સબળ કારણ છે. કોરીયાની અંદર દારૂગોળો અને સેના જમાવી એક દિવસ ચીનનો કબ્જો લેવો, પછી એશિયાના બીજા પ્રદેશો પર પાંખો પસારવી, સામ્રાજ્ય સ્થાપવું, અને આખરે પાસીફીક મહાસાગરની માલીકી માટે મથવું. કદી નહિ છોડે–કોરીયાને જાપાન રાજીખુશીથી કદી નહિ છોડે.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust
Gandhi Heritage Portal
Fundamental Works: એશિયાનું કલંક. : યાને કોરીયાની કથા.
5/6

4/26/2021

ત્યારે હવે ? તું શું જવાબ વાળીશ, અયિ બંદિની કોરીયા ? તારી ગરદન તૈયાર છે ને ? ભ્રમણામાં નથી પડવાની કે ? ચિતા ખડકી રાખી છે કે ? ચીસો નહિ પાડેને ? ત્હારાં સંતાનોને જીવતાં સળગાવી દેજે. પણ જોજે હો ! આંખોમાં આંસુ ન આવી જાય. કંઠમાં આક્રંદ ન ઉઠે, હૈયામાં કરૂણા ન ઉભરાય ! અમર રહો, મા કોરીયા.

# સમાપ્ત.



Gandhi Heritage Portal
© 2021 Sabarmati Ashram Preservation and Memorial Trust